RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 290* Date: 17.08.2021 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશભરમાં ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની ધામધૂમપૂર્વક ઊજવણી કરાઇ

# ભારત આતંકવાદ, વિસ્તારવાદનો હિંમતથી જવાબ આપી રહ્યું છેઃ મોદી



ન્યુ દિલ્હી,તા.૧૬

આજે દેશ સ્વતંત્રતા દિવસની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યો છે અને આઝાદીના જશ્નમાં ડૂબી ગયો છે. આ અવસર પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાલ કિલ્લાની પ્રાચીર પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો અને દેશને સંબોધિત કર્યા હતા. આજનો દિવસ એટલા માટે પણ ખાસ છે કારણ કે લાલ કિલ્લા પર પ્રથમવાર પુષ્પવર્ષા કરવામાં આવી. સાથે દેશ આઝાદીની ૭૫મી વર્ષગાંઠને આઝાદીનો અમૃત મહોત્સવ તરીકે ઉજવી રહ્યો છે. મહત્વનું છે કે પ્રધાનમંત્રી મોદી ભારતની આઝાદીના ૭૫માં વર્ષની ઉજવણી કરવા માટે માર્ચ ૨૦૨૧માં અમદાવાદના સાબરમતી આશ્રમથી આઝાદીનો અમૃત મહોત્વસ કાર્યક્રમની શરૂઆત કરી હતી, જે ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધી જારી રહેશે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સુરક્ષાની સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી છે. પ્રધાનમંત્રી પહેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સમાધિ રાજઘાટ પર ફૂલ ચઢાવ્યા અને પછી લાલ કિલ્લા પર પહોંચ્યા હતા.

અરવિંદોની જન્મજયંતિ છે. તેમની ૧૫૦મી જન્મજયંતિનું પર્વ છે. તેઓ કહેતા હતા કે ભારતને એટલું સામર્થવાન બનાવવું પડશે જેટલું આપણે ક્યારેય નહતા. આપણી આદતોને બદલવી પડશે. ખુદને ફરી જગાડવા પડશે. તેમની આ વાતો આપણે કર્તવ્યોનું ધ્યાન અપાવે છે. દેશને આપણે શું આપી રહ્યાં છીએ તે વિચારવું પડશે. અમે અધિકારોને હંમેશા મહત્વ આપ્યું. હવે કર્તવ્યોને સર્વોપરી બનાવવા પડશે. લોકલ ફોર લોકલ માટે વધુમાં વધુ વસ્તુ ખરીદો.

બીજા વિશ્વ યુદ્ધ બાદ વૈશ્વિક સંબંધોના રૂપમાં બદલી ગયું હતું. કોરોના કાળ બાદ પણ આ થયું. કોરોના કાળના ભારતના પ્રયાસોની દુનિયાએ પ્રશંસા કરી. દુનિયા ભારતને નવી દ્રષ્ટિથી જોઈ રહી. ભારત આતંકવાદ, વિસ્તારવાદ બંને પડકાર સામે લડ્યું. હિંમતની સાથે જવાબ પણ આપી રહ્યું છે. સેનાના હાથ મજબૂત કરવામાં કોઈ કસર છોડીશું નહીં.

આર્ટિકલ ૩૭૦ હટાવવો, જીએસટી લાવવું, સૈનિકો માટે વન પેન્શનલ, અયોધ્યાનું શાંતિપૂર્ણ સમાધાન છેલ્લા કેટલાક સમયમાં જોવા મળ્યું. ઓબીસી કમિશનને બંધારણીય દરજ્જો, જમ્મુ-કાશ્મીરમાં પ્રથમવાર મ્હઝ ચૂંટણી ભારતની સંકલ્પ શક્તિ જણાવે છે. ભારતમાં રેકોર્ડ વિદેશી રોકાણ આવી રહ્યું છે. સર્જિકલ સ્ટ્રાઇક, એર સ્ટ્રાઇક કરી દુશ્મનોને ભારતે સંદેશ આપ્યો છે. તે જણાવે છે કે ભારત બદલાય રહ્યું છે. ભારત મુશ્કેલથી મુશ્કેલ નિર્ણય લઈ શકે છે.

**નેશનલ હાઇડ્રોજન મિશનની કરી જાહેરાત**

પીએમ મોદીએ નેશનલ હાઈડ્રોજન મિશનની જાહેરાત કરી. મોદી બોલ્યા આ ઉર્જાના ક્ષેત્રમાં ભારતની નવી પ્રગતિ હશે. ભારત તેનાથી આત્મનિર્ભર બનશે. તેનાથી ગ્રીન જોબ માટે અવસર ખુલશે.

**સૈનિક સ્કૂલમાં યુવતીઓને પણ મળશે એડમિશન**

પીએમ મોદીએ કહ્યુ કે મને ઘણી ભલામણ મળી છે કે પુત્રીઓ પણ સૈનિક સ્કૂલમાં ભણવા ઈચ્છે છે. બે-અઢી વર્ષ પહેલા મિઝોરમે સૈનિક સ્કૂલમાં પ્રયોગ તરીકે યુવતીઓને એડમિશન આપવાનો નિર્ણય લીધો હતો. હવે દેશની બધી સૈનિક સ્કૂલમાં પુત્રીઓનું એડમિશન થઈ શકશે. તેને પુત્રીઓ માટે ખોલવામાં આવશે.

**નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં રમતને પ્રોત્સાહનઃ પીએમ મોદી**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ભાષા વિઘ્ન બનશે નહીં. રમતને તેનો મુખ્ય ભાગ બનાવવામાં આવ્યો છે. તે પાઠ્યેતર નથી. હવે રમત માટે જાગરૂકતા આવી છે. માતા-પિતાનું વલણ બદલાયું છે. ઓલિમ્પિક પણ એક મોટો ટર્નિંગ પોઈન્ટ છે. બોર્ડનું પરિણામ સારૂ હોય કે ઓલિમ્પિકનું મેદાન, દેશની દીકરીઓ સારૂ પ્રદર્શન કરી રહી છે. દરેક કાર્યક્ષેત્રમાં સમાન સહભાગીતાનો પ્રયાસ કરવાનો છે.

દેશમાં વર્ષો જૂના કાયદાને ખતમ કરવામાં આવ્યા. કોરોના કાળમાં પણ ૧૫ હજારથી વધુ અનુપાલનોને ખતમ કરવામાં આવ્યા. ૨૦૦ વર્ષથી એક કાયદો ચાલી આવતો હતો, તેના કારણે દેશના નાગરિકોને મેપિંગ (નકશો) બનાવવાની સ્વતંત્રતા નહતી. તે માટે સરકારની મંજૂરી લેવાની જરૂર હતી. આવા બિનજરૂરી કાયદાને અમે સમાપ્ત કરી દીધા.

ભારત આગામી થોડા સમયમાં જ પ્રદાનમંત્રી ગતિ શક્તિ પ્લાન લઈને આવશે. ૧૦૦ લાખ કરોડથી વધુની યોજના લાખો યુવાનો માટે રોજગારના અવસર લઈને આવશે. આ એવો માસ્ટર પ્લાન છે જે આપણી અર્થવ્યવસ્થાને મજબૂત કરશે. અત્યારે આપણે જોઈએ છીએ કે આપણા ટ્રાન્સપોર્ટેશનના સાધનોમાં કોઈ તાલમેલ નથી. પરંતુ ગતિ શક્તિ આ સમસ્યાઓને હટાવશે. આનાથી સામાન્ય જનની ટ્રાવેલ ટાઈમમાં કમી આવશે. ગતિ શક્તિ આપણા લોકલ મેન્યુફેક્ચરને ગ્લોબલ સ્તરે લાવવામમાં મદદ કરશે. અમૃત કાળના આ દશકામાં ગતિની શક્તિ ભારતની કાયાકલ્પનો આધાર બનશે.

દેશના જે જિલ્લા માટે માનવામાં આવ્યું કે તે પાછળ રહી ગયા, અમે તેમની આકાંક્ષાઓને પણ જગાવી છે. દેશમાં ૧૧૦થી વધુ આકાંક્ષી જિલ્લામાં શિક્ષણ, સ્વાસ્થ્ય, પોષણ, રોડ, રોજગાર સાથે જોડાયેલી યોજનાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. તેમાંથી અનેક જિલ્લા આદિવાસી વિસ્તાર છે. આજે આપણે આપણા ગામમાં ઝડપથી પરિવર્તન જોઈ રહ્યાં છીએ. છેલ્લા કેટલાક વર્ષોમાં ગામ સુધી રોડ અને લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓમાં પહોંચાડવામાં સફળતા મળી છે. આ ગામોને ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક, ડેટાની તાકાત પહોંચી રહી છે. ઈન્ટરનેટ પહોંચી રહ્યું છે. ગામમાં પણ ડિજિટલ એન્ટરપ્રીન્યોર તૈયાર થઈ રહ્યાં છે.

દેશે સંકલ્પ લીધો છે કે આઝાદીના અમૃત મહોત્સવના ૭૫ સપ્તાહમાં ૭૫ વંદેભારત ટ્રેનદેશના દરેક ખુણાને જોડશે. આજે જે ગતિથી દેશમાં નવા એરપોર્ટનું નિર્માણ થઈ રહ્યું છે, ઉડાન યોજના અંતરિયાળ વિસ્તારને જોડી રહી છે, તે પણ અભૂતપૂર્વ છે.

જે પણ બનાવો બેસ્ટ બનાવો, જે વૈશ્વિક સ્તર પર ટકી શકે. દરેક પ્રોડક્ટની સાથે માત્ર કંપનીનું નામ નથી જતું. તેની સાથે દેશની ઈમેજ જોડાયેલી હોય છે. દરેક પ્રોડક્ટ દેશની બ્રાન્ડ એમ્બેસેડર છે.

પીએમ મોદીએ કહ્યુ કે, દેશના લોકોને આગામી પેઢીના પાયાના માળખા, વિશ્વસ્તરીય નિર્માણ, આધ્યુનિક નવાચાર, નવા જમાનાની તકનીક માટે કામ કરવું પડશે.

નાના કિસાનો પર અત્યાર સુધી ધ્યાન આપવામાં આવ્યું નથી. કૃષિ સેક્ટરના પડકાર પર ધ્યાન આપવું પડશે. કિસાનોની જમીન સતત ઘટી રહી છે. ૮૦ ટકા કિસાનોની પાસે ૨ હેક્ટરથી ઓછી જમીન છે. મોદીએ ૮૦ટકા કિસાનોના ઉત્થાનનો નારો આપતા કહ્યુ- છોટા કિસાન બને દેશની શાન.

## જ્યાં સુધી ચીન પર નિર્ભર રહીશું ત્યાં સુધી તેની સામે ઝુકવુ પડશેઃ મોહન ભાગવત

મુંબઈ,તા.૧૬

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે સ્વતંત્રતા દિવસના પ્રસંગે પોતાના સંબોધનમાં સ્વદેશીને પ્રોત્સાહન આપવા હાકલ કરી હતી. આ દરમિયાન, તેમણે કહ્યું કે આઝાદ દેશ આત્મનિર્ભર હોવો જોઈએ અને જેટલો આત્મનિર્ભર હશે તેટલો વધુ સુરક્ષિત રહેશે. દેશના ૭૫માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે મુંબઈની એક શાળામાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા બાદ ભાગવતે કહ્યું કે 'અન્ય તમામ સુરક્ષા આર્થિક સુરક્ષા પર નિર્ભર છે. ચાઈનાના બહિષ્કાર અંગે આપણે ગમે તેટલા બૂમો પાડતા રહીએ, પણ આપણા મોબાઈલ શું છે. જો ચીન પર નિર્ભરતા વધી જાય તો આપણે ચીન સામે નમવું પડશે.

આરએસએસના વડાએ કહ્યું કે કુદરતી સંસાધનોનું શોષણ ન થાય તેની ખાતરી કરવા માટે "નિયંત્રિત ગ્રાહકવાદ" જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, જીવન સ્તર તે વાતથી નક્કી ન થવુ જોઈએ કે આપણે કેટલું કમાઈએ છીએ પરંતુ તે વાતે નક્કી થવુ જોઈએ કે, આપણે લોકોના કલ્યાણ માટે કેટલું પાછું આપીએ છીએ. તેમણે કહ્યું- આપણે ત્યારે ખુશ થઈશું જ્યારે આપણે દરેકના કલ્યાણનુ ધ્યાન રાખીશું. સુખી થવા માટે આપણને વધુ સારી આર્થિક સ્થિતિની જરૂર છે અને આ માટે આપણને આર્થિક મજબૂતાઈની જરૂર છે.

### તાલિબાની પ્રવક્તા જબીહુલ્લાહ મુજાહિદનું નિવેદન

## ભારત સાથે સારા અને મજબૂત સંબંધો બનાવવા ઈચ્છીએ છીએ

કાબૂલ,તા.૧૬

અફઘાનિસ્તાનમાં વ્યાપેલી દહેશત વચ્ચે તાલિબાની પ્રવક્તા જબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું કે, તેઓ ભારત સાથે સારા અને મજબૂત સંબંધો બનાવવા ઈચ્છે છે. તમામ રાજદ્વારીઓ પણ ત્યાં સુરક્ષિત રહેશે. કોઈએ પણ દેશ છોડીને જવાની જરૂર નથી.

તાલિબાની પ્રવક્તા જબીહુલ્લાહ મુજાહિદના કહેવા પ્રમાણે તેઓ ભારત સાથે સારા અને મજબૂત સંબંધો ઈચ્છે છે. તમામ રાજદ્વારી પણ ત્યાં સુરક્ષિત રહેશે. કોઈએ પણ દેશ છોડીને જવાની જરૂર નથી.

એક તરફ તાલિબાન ભારત સાથે સારા સંબંધો ઈચ્છે છે, બીજી બાજુ ભારતના પાકિસ્તાન સાથેના વિવાદ અંગે તે કશું નથી કહી રહ્યું. તાલિબાને ભાર આપીને કહ્યું કે, તે ભારત-પાકિસ્તાન વિવાદમાં હસ્તક્ષેપ કરવા નથી માંગતું. બંને દેશોની આંતરિક સમસ્યા છે. તાલિબાન તેમાં કોઈ જ ભૂમિકા નહીં ભજવે. પાડોશી હોવાના નાતે ભારત હંમેશા કહેતું આવ્યું છે કે, તે અફઘાનિસ્તાનમાં લોકશાહીને સશક્ત કરવા અને શાંતિ સ્થાપિત કરવામાં મહત્વનું યોગદાન નિભાવી શકે છે. પરંતુ તાલિબાને સતત આ પહેલનો વિરોધ કર્યો છે. આ કારણે જ તાલિબાન જ્યારે ભારત સાથે સારા સંબંધોની વાત કરી રહ્યું છે ત્યારે તેની નિયત અંગે અનેક પ્રકારના સવાલો થાય છે.

મીડિયા સાથેની વાતચીત દરમિયાન તાલિબાને અફઘાનિસ્તાનના ભવિષ્ય અંગે વિસ્તારપૂર્વક વાત કરી હતી. જણાવ્યું હતું કે, તાલિબાન રાજમાં પણ મહિલાઓને ભણવા-ગણવાની તક આપવામાં આવશે. તેઓ બહાર જઈને કામ પણ કરી શકશે. બસ શરતો એ છે કે, તમામ મહિલાઓ શરિયા કાયદાનું ચુસ્તપણે પાલન કરે. સાથે જ હિજાબ ચોક્કસથી પહેરી રાખે.

## પેગાસસ જાસૂસીના આરોપોની તપાસ માટે કમિટી બનશેઃ કેન્દ્રએ સુપ્રિમમાં કહ્યું

ન્યુ દિલ્હી,તા.૧૬

પેગાસસ જાસૂસી કેસની તપાસ હવે કમિટી દ્વારા કરવામાં આવશે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને આ વિશે જાણકારી આપી છે. કમિટી બનાવવાના એલાનની સાથે-સાથે સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારે પેગાસસ સાથે જાસૂસીના આરોપોને પણ નકાર્યા.

સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર તરફથી બે પેજનુ એફિડેવિટ દાખલ કરવામાં આવ્યુ છે. સોગંદનામા અનુસાર સરકાર વિશેષજ્ઞોની એક કમિટી બનાવશે જે આ પેગાસસ વિવાદની તપાસ કરશે.

આજે સોમવારે પેગાસસ કેસ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. કોર્ટમાં કેન્દ્ર સરકારે તેની પર લાગેલા તમામ આરોપોને નકાર્યા. કેન્દ્રએ આજે પેગાસસ કેસ પર સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ પણ દાખલ કરી. આ બે પેજનુ હતુ. કેન્દ્રએ કહ્યુ કે તેમના તરફથી કોઈ જાસૂસી અથવા ગેરકાયદે નજર કરવામાં આવી નથી.

સોગંદનામામાં સરકારે વરિષ્ઠ પત્રકાર એન રામ અને અન્ય અરજીકર્તાઓના લગાવેલા તમામ આરોપોને નકાર્યા છે. તેમની અરજીમાં આરોપ હતો કે સૈનિક પ્રયોગના આ સોફ્ટવેરનો ઉપયોગ સરકારે પત્રકાર, રાજનેતાઓ, એક્ટિવિસ્ટ, નોકરશાહ અને ન્યાયપાલિકા સાથે જોડાયેલા લોકોની જાસૂસી માટે કર્યો.

### વચગાળાના વડા તરીકે અલી અહેમદ જલાલીનું નામ મોખરે

## અફઘાનિસ્તાન રાષ્ટ્રપતિ ગનીએ તાલિબાનને સત્તા સોંપીઃ દેશ છોડી જતા રહ્યા

ન્યુ દિલ્હી,તા.૧૬

તાલિબાને અફઘાનિસ્તાન પર ૨૦ વર્ષ પછી ફરી એક વખત કબજો જમાવી દીધો છે. ટોલો ન્યૂઝ અનુસાર, સત્તા હસ્તાત્તરણની પ્રક્રિયા પણ અહી પૂર્ણ થઈ ગઈ છે. રાષ્ટ્રપતિ અશરફ ગનીએ તાલિબાનને સત્તા સોંપી દીધી છે. સૂત્રો અનુસાર નવી વચગાળાની સરકારના વચગાળાના વડા તરીકે અલી અહેમદ જલાલીનું નામ મોખરે છે. એવા સમાચાર પણ આવી રહ્યા છે કે રાષ્ટ્રપતિ ગનીએ દેશ છોડી દીધો છે. એવું માનવામાં આવે છે કે ગની અમેરિકા જઈ રહ્યા છે.

અશરફ ગનીએ સોશિયલ મીડિયા પર એક નિવેદનમાં કહ્યું કે,- આજે મારા સામે એક આકરી પસંદગી હતી કે મારે હથિયારોથી સજ્જ તાલિબાનનો સામનો કરવો જોઈએ જે મહેલમાં ઘૂસવા ઈચ્છતા હતા અથવા મારે મારા વ્હાલા દેશ અફઘાનિસ્તાનને છોડવાનો હતો. પાછલા ૨૦ વર્ષોમાં મેં અફઘાનિસ્તાનની રક્ષા માટે મારૂં જીવન સમર્પિત કરી દીધું.

વધુમાં કહ્યું કે, લોહીની નદીઓ વહેતી રોકવા માટે મેં વિચાર્યું કે દેશ છોડી દેવો યોગ્ય છે. તાલિબાને તલવાર અને બંદૂકોના દમ પર વિજય મેળવ્યો છે અને હવે તેઓ દેશવાસીઓના સન્માન, ધન અને આત્મસન્માનની રક્ષા માટે જવાબદાર હશે. ઈતિહાસે આવી શક્તિઓને કદી અપનાવી નથી. તાલિબાન માટે એ જરૂરી છે કે, તે તમામ લોકો, રાષ્ટ્રો, વિભિન્ન ક્ષેત્રો બહેનો અને મહિલાઓને માન્યતા અને લોકોનું દિલ જીતવાનું આશ્વાસન આપે. તે જનતા સાથે મળીને એક સ્પષ્ટ યોજના બનાવે. હું હંમેશા મારા દેશની સેવા કરતો રહીશ. જ્યારે, કેટલાક તાલિબાન સૂત્રોના જણાવ્યા અનુસાર, કાબુલ પોલીસે આત્મસમર્પણ શરૂ કરી દીધું છે. તે પોતાના હથિયારો તાલિબાનને સોંપી રહી છે. અગાઉ, આંતરિક અને વિદેશ બાબતોના કાર્યકારી પ્રધાનો અબ્દુલ સત્તાર મિર્ઝાકવાલે અલગ અલગ વીડિયો ક્લિપમાં ખાતરી આપી કે કાબુલના લોકો સુરક્ષિત રહેશે, કારણ કે તેઓ આંતરરાષ્ટ્રીય સાથીઓ સાથે શહેરનું રક્ષણ કરી રહ્યા છે. ટોલો ન્યૂઝ અનુસાર,મિર્ઝાકવાલે કહ્યું કે કાબુલ પર કોઈ હુમલો થશે નહી, સત્તા પરિવર્તન શાંતિપૂર્ણ રીતે થશે. કાબુલની સુરક્ષાની જવાબદારી અફઘાન સુરક્ષા દળની છે. નવીનતમ માહિતી અનુસાર, તાલિબાન આતંકવાદીઓ અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં ઘુસી ગયા છે અને દેશની તમામ સરહદો પર પણ કબજો કરી લીધો છે. ત્રણ અફઘાન અધિકારીઓએ આ વાતની પુષ્ટિ કરી છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૧૪

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૧૯૬

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૩

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૯૩૪

## તંત્રી સ્થાનેથી...

# ક્લાઈમેટ ચેન્જ રોકવામા નિષ્ફળ રહીશું તો તેના પરિણામો કેવા દુષ્કળ .....?

***ગ્લોબલ વોર્મિંગ બાબતે વિશ્વના દેશોને ચેતવણી મળી ચૂકી છે છતા વિકાસની આંધળી દોડમાં દોડતા દેશો ગ્લોબલ વોર્મિંગને કારણે આવનાર ગંભીર પરિણામોને રોકવા પ્રયાસો કરશે કે કેમ તે મોટો સવાલ છે.....? કારણ વર્ષોથી ગ્લોબલ વોર્મિંગ બાબતે વૈજ્ઞાનિકો ચેતવણી આપતા આવ્યા છે અને વિશ્વના દેશો વૈજ્ઞાનિકોની ચેતવણીને મહત્વ આપતા હોય તેમ દેખાડો કરવા યુનો ખાતે વિશ્વના દેશોની બેઠકો યોજાતી રહે છે. અને ક્લાઈમેટ ચેન્જ રોકવા માટેના પગલા લેવાની મોટી મોટી વાતો કરી ખાધું પીધું અને વિખરાઈ જાય છે...! તે સાથે ગ્લોબલ વોર્મિંગ અટકાવવા જે-તે દેશો પોતાના દેશમાં પગલાં નથી ભરતા અને પાછા વિકાસના નામે જળ-વાયુ પ્રદૂષણ ઓકતા ઉધોગ-ધંધાને પ્રોત્સાહન આપતા રહ્યા છે. હવે એવી સ્થિતિ ઉદભવવા જઇ રહી છે કે માત્ર બે ડિગ્રી તાપમાન વધશે તો વિશ્વના અનેક દરિયા કિનારા વિસ્તારોને દરિયો ગરક કરી જશે. કેટલાક નાના મોટા શહેરોનું નામોનિશાન કદાચ નહી રહે તેમજ માનવજાતની ગરમી સહન કરવાની ક્ષમતા ઘટી જતા તેનાં દુષ્પરિણામો આવવાની શક્યતા સવિશેષ છે. વિશ્વના દેશોને ક્લાઈમેન્ટ ચેન્જથી ખરબો ખરબો ડોલરનું નુકસાન થઈ ચૂક્યું છે. જેને અટકાવવા યુનો ખાતે બેઠકો મળે છે. પરંતુ પગલા લેવામાં મોટાભાગના દેશો આગળ વધતા જ નથી... પરિણામે વિશ્વભરનો મોટામાં મોટો બર્ફીલો વિસ્તાર આર્ટેન્ટાઈકાના બરફ ઓગળવાની શરૂઆત પછી તેમાં ગતિ વધી છે અને આવનાર સમયમાં કેટલાક દ્વિપો કે દ્વિપકલ્પો સમુદ્રમાં ગરકાવ થઇ જશે તે નિશ્ચિત છે.....! જર્મનની પર્યાવરણીય સંસ્થા જર્મન વોચ દ્વારા થોડા સમય પહેલા જાહેર કરેલા અહેવાલમાં સ્પષ્ટ દર્શાવ્યું છે કે ક્લાઈમેટ ચેન્જથી વિશ્વને ૨૦ વર્ષમાં ૨.૫૬ ટ્રીલિયન ડોલરનું નુકસાન થયું, ઘાતક હવામાનને કારણે ૪.૭૫ લાખના મૃત્યુ થયા છે. વિશ્વના દેશો આ બાબતે સારી રીતે જાણે છે છતાં ક્લાઇમેંટ ચેંજ અટકાવવા જોઈતા જરૂરી પગલાં લેતાં જ નથી.....!***

***વિશ્વભરમા ૨૫ ટકા જમીન છે અને ૭૫ ટકા પાણી છે. જે બાબતને સમજવાની જરૂર છે. આટલાંટિકાનો બરફ જેમ જેમ ઓગળતો જશે તેમ તેમ અનેક નાના મોટા દેશો પાણીમાં ગરકાવ થઇ જશે. વિશ્વના દેશો ક્લાઈમેટ ચેન્જની વાતો કરી બધું ભૂલી જવામાં આવળ છે જે સત્ય હકીકત છે.....! જો કે વાયુ તથા જળ પ્રદૂષણ ઓકતા કે પેદા કરતા એકમો સંસ્થાનોને આયોજન સાથે આકરા ઠોસ પગલા લેવા જરૂરી છે.જો પ્રદૂષણ રોકવા ઠોસ પગલાં લેવામાં નહી આવે તો તેના એવા દુષ્કર પરિણામો આવશે કે તેની કલ્પના કરતા રૂંવાડા ખડા કરી દે છે. તકલીફ એ છે કે ક્લાઈમેન્ટ ચેન્જ રોકવા વધુ વૃક્ષોનું વાવેતર કરવું જરૂરી છે પરંતુ થાય તેનુ ઉલટું.... દરેક દેશો દર?વર્ષે સરેરાશ ૧૫ કરોડ વૃક્ષોનું નિકંદન કાઢી નાખે છે. તો સરકાર અને માનવ જાત પાછું વળીને જોતા નથી.જે તે દેશની સરકારો વિકાસના નામે જળ- વાયુ પ્રદૂષણ ઓકતા ઔધોગિક વસાહતો ઊભી કરવાના બહાને જંગલો વૃક્ષોનો સફાયો કરતા આગળ વધી રહ્યા છે. અને તેનું કારણ છે દરેક દેશોને ભૌતિક વિકાસનુ વળગણ.... તેમાં પણ એક બીજા દેશો વચ્ચે સ્પર્ધા અને તેમાં પણ માનવજાત પશુ-પક્ષીઓ, (જીવ-જંતુઓ જે વાતાવરણ માટે ઉપયોગી છે) વગેરેને ઓક્સિજન આપતા વૃક્ષોનુ નિકંદન કાઢી તેના સ્થાને આડેધડ સિમેન્ટ,કોંક્રેટના જંગલની વણજારો ઊભી કરવા લાગ્યા છે. જેના કારણે ફળદ્રુપ જમીનનો પણ ખાતમો બોલાઈ રહ્યો છે.***

# દહેગામ ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વર ભાઇ પરમારે ધ્વજ ફરકાવી સલામી આપી



ગાંધીનગર

૭૫મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી આજે સમગ્ર ગાંધીનગર જિલ્લામાં ઉત્સાહભેર કરવામાં આવી હતી. દહેગામ ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઇશ્વરભાઇ પરમારે ધ્વજ ફરકાવી સલામી આપી હતી. મંત્રીશ્રીએ દેશને મહામૂલી આઝાદી અપાવનાર તમામ લડવૈયાઓ, ક્રાંતિકારીઓ, નામી-અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓને પૂણ્ય સ્મરણ કરીને એમને વંદન કર્યા હતા. મંત્રીશ્રીના હસ્તે જિલ્લા કલેકટરશ્રીને વિકાસ અર્થે રૂપિયા ૨૫ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મંત્રી શ્રી ઇશ્વરભાઇ પરમારે જણાવ્યું હતું કે, દેશ માટે મરી ફીટનારા, જાન કુરબાન કરનારા, સૌ કોઇને નમન કરવાનો આ અવસર છે. સાત દાયકાઓથી આઝાદીની આબોહવામાં આપણે જીવી રહ્યા છીએ. સ્વતંત્રતા સમયે આપણે અનેક સ્વપ્નો જોયા હતા. સ્વરાજ બાદ સુરાજની સ્થાપનાની દેશવાસીઓની આશા હતી. ગુજરાતના સપૂત અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં અનેક અવરોધોને પાર કરીને રાષ્ટ્રની પ્રગતિના એક નવા યુગનો પ્રારંભ થયો છે. ભારતની પ્રાચીન યોગ વિરાસતના મહાત્મયને સ્વીકારીને સમગ્ર વિશ્વમાં તા. ૨૧ જૂનને આંતરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

સ્વરાજનું સપનું ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭માં બે સપૂત ગુજરાતના પૂજય મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલે સાકાર કર્યું, એવું કહી તેમણે ઉમેર્યુ હતું કે, ગુજરાતના બે સપૂત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઇ શાહે આઝાદીના અનેક વર્ષ બાદ પૂર્ણ સ્વરાજ માટે કાશ્મીરનો મુગમટમણી ભારત માતાના લલાટ ઉપર પૂર્ણકાલીન રૂપે શોભાવ્યો છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના વડાપ્રધાન બનતાની સાથે જ ગુજરાતની ઉન્નતિ અને સમૃદ્ધિના માર્ગો ખુલી ગયા છે. તેમણે અમદાવાદ – સુરત મેટ્રો રેલની મંજૂરી, એઇમ્સ હોસ્પિટલ, બુલેટ ટ્રેન, રીવરફ્રંટ, રક્ષા શક્તિ યુનિવર્સીટી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સીટીને નેશનલ ઇન્સ્ટિટયૂટનો દરજ્જો, વર્લ્ડ કલાસ ગાંધીનગર રેલવે સ્ટેશન, રાજકોટમાં નવુ અધત્ત એરપોર્ટ, અનેક નવી ટ્રેનની ગુજરાતને ભેટ સાથે સંસદમાં નવું ઓબીસી બીલ લાવી ગુજરાત સહિત દેશભરના કરોડો ગરીબોના વિકાસનો માર્ગ ખોલી આપ્યો છે.

ગુજરાતના કિસાનોની પડખે આ સરકાર છે, તેવું કહી તેમણે કહ્યું હતું કે, કિસાન સૂર્યોદય યોજનાથી ખેડૂતોને દિવસે વીજળી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં રાજયના ૫ હજારથી વધુ ગામોના ૪ લાખ ૫૦ હજાર કિસાનોને દિવસે વીજળી મળી રહી છે. છેલ્લા પાંચ વર્ષમાં ૨૨ લાખ ખેડૂતો પાસેથી રૂપિયા ૧૯ હજાર કરોડના ખર્ચે ૪૧ લાખ મેટ્રિક ટન કરતા વધારે ખેતપેદાશોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. આજે ગુજરાતમાં કરોડો પરિવારોને મા નર્મદાનું પાણી અને લાખો કિસાનોના ખેતરમાં નર્મદાના પાણીથી પાક ઉતરી રહ્યા છે. ઝીરો ટકા વ્યાજથી પાક ધિરાણ, પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની રહી છે. છેલ્લા ત્રણ વર્ષોમાં કુદરતી આફતો સામે કિસાનોને આર્થિક રીતે પગભર થવા માટે કુલ- ૭,૪૯૫ કરોડના રાહત પેકેજ આપવામાં આવ્યું છે.

કુદરતી આફતોને આપણે પલટાવી છે અવસરોમાં તેવું કહી મંત્રીએ જણાવ્યું હતું કે, તાઉ-તે નામનું મહા વિનાશક વાવાઝોડું ગુજરાત પર ત્રાટક્યું ત્યારે બે લાખ લોકોને સલામત સ્થળે ખસેડીને આપણે લોકોના જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરી હતી. વાવાઝોડામાંથી બેઠા થવા માટે ભારત સરકારે રૂપિયા ૧ હજાર કરોડ અને રાજય સરકારે વધારાના રૂપિયા ૫૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું હતું. ઇતિહાસમાં પહેલીવાર આ સરકારે રૂપિયા ૧૦૦ કરોડનું રાહત પેકેજ માછીમારો માટે જાહેર કર્યું છે.

કોરોનાની મહામારીના કાળમાં પણ વિધાર્થીઓના શિક્ષણને સરકારે ઉની આંચ આવવા દીધી નથી, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, રાજયમાં ૧૬ હજાર કલાસરૂમો જ્ઞાનકુંજ પ્રોજેક્ટથી આધુનિક શૈક્ષણિક સવલતો આપણે ઉપલબ્ધ કરાવી છે. તેમજ ૯ લાખ કરતા વધારે વિધાર્થીઓને રૂપિયા ૧ હજારના ટોકન દરે નમો ઇ- ટેબ આપવામાં આવ્યું છે. છેલ્લા બે વર્ષથી સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ રેક્રીગમાં ગુજરાત પ્રથમ સ્થાને છે.

આ સરકાર ગરીબો, વંચિતો, પીડિતો, શોષિતો અને આદિવાસીઓની દરકાર લેનારી સરકાર છે, તેવું કહી તેમણે કહ્યું હતું કે, ૧૨,૮૦૦ સેવાસેતુ કાર્યક્રમોના માધ્યમથી રાજયના બે કરોડથી વધુ લોકોને તેમના ઘર આંગણે જઇ ૫૬ સરકારી દસ્તાવેજો પૂરા પાડયા છે. કોરોનાકાળમાં ૬૮ લાખ ૮૦ હજારથી વધુ ગરીબ એન.એસ.એફ.એ પરિવારોને વિના મૂલ્યે અનાજ આપવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના થકી લાખો ગરીબ પરિવારોના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે. પેસા એક્ટના કાયદાના સુદ્રઢ અમલથી ૯૦ લાખથી વધુ આદિવાસી બાંધવોનું અમે આર્થિક સશક્તિકરણ કર્યું છે. વન અધિકાર અધિનિયમ હેઠળ ૧૩ લાખ એકર કરતાં વધુ જંગલની જમીના લાભ આદિવાસી ભાઇઓને આપ્યા છે. તેમજ ૩૪૨ કરોડના ખર્ચે રાજપીપળામાં બિરસા મુંડા વિશ્વ વિધાલય આકાર લેનાર છે. ૫૫૩ ઉપરાંત જનહિતલક્ષી યોજનાના નાણાં લાભાર્થીઓના ખાતામાં સીધેસીધા જમા થઇ રહ્યા છે. નારી તુ નારાયણી મંત્ર સાચા અર્થમાં ચરિતાર્થ આ સરકાર કરી રહી છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, મુખ્ય મંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ ૧૦ હજાર મહિલા સ્વસહાય જૂથની રચના કરી છે. તેમને શૂન્ય ટકા વ્યાજે અને કોઇપણ જામીન વગર રૂ. ૧૪૦ કરોડનું ધિરાણ કરવામાં આવ્યું છે. રાજયની ૧૬ લાખથી વધુ ગંગા સ્વરૂપ બહેનો રૂપિયા ૧,૨૦૦ કરોડની સહાય આ સરકાર આપી રહી છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોનાની મહાબિમારીના રેકોર્ડ બ્રેકિંગ સમયમાં ૪ મહાનગરોમાં ૨ હજાર ૨૦૦ બેડની સ્પેશ્યિલ કોવિડ હોસ્પિટલ ઉભી કરીને દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. તેમજ ૫ કરોડથી વધુ ઉકાળાના ડોઝ અને ૨૩ લાખ લોકોને સમસમની વટી તેમજ ૨ કરોડથી વધુને આરસેનિકમ આલ્બમ ગોળીઓનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ૧,૭૦૦ કરતા વધુ ધન્વનતરી રથ થકી ૩,૩૦૦ કરતા વધારે સ્થળો ખાતે રથના માધ્યમથી અઢી કરોડથી વધુ લોકોને ઓપીડીની સેવા અપાઇ છે. કોરોનાની સંભવિત ત્રીજી લહેર માટે આગોતરૂ આયોજન કરીને ઓક્સિજન ઉત્પાદન ક્ષમતા ૧,૮૦૦ મેટ્રિક ટન કરવાનું આયોજન કરાયું છે. આઇસીયુ બેડ ૧૫ હજારથી વધારીને ૩૦ હજાર તેમજ વેન્ટીલેટર ૭ હજારથી વધારીને ૧૫ હજાર કરવાનું પણ આયોજન કરાયું છે. લોકોના ધંધા રોજગાર પુનઃ થાળે પાડવા રૂપિયા ૧૪ હજાર કરોડની માતબર રકમનું આર્થિક પેકેજ આપવામાં આવ્યું છે. જળ સિંચન, વ્યવસ્થાપન અને વિતરણ ક્ષેત્રે ગુજરાત આગેકદમને સૌ કોઇ અનુભવી રહ્યા છે, તેવું કહી તેમણે કહ્યું હતું કે, સૌની યોજના થકી ૭ લાખ કરતા વધુ એકર વિસ્તારમાં સિંચાઇ વ્યવસ્થા પૂરી પાડવામાં આવી છે. કલીન એન્ડ ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા રાજયના ૬૫ હજાર પરિવારોને રૂપિયા ૧૯૦ કરોડની સોલાર રૂફટોપ સબસિડી આપીને સમગ્ર દેશમાં સોલર રૂફટોપ પ્લાન્ટ સ્થાપવામાં ગુજરાત અગ્રસ્થાને છે. છેલ્લા પાંચ વર્ષમાં મહાનગરપાલિકા અને નગરપાલિકામાં ૫૦૦ જેટલા ફલાય ઓવર અને ઓવરબ્રિજ બનાવવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લા તંત્રએ કોરોના મહામારીના આ કાળમાં પણ વિકાસનું જોમ જાળવી રાખ્યું છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં કોરોના મહામારી દરમ્યાન કેન્દ્ર અને રાજય સરકારે રૂપિયા ૩૨ કરોડથી વધુની ગ્રાન્ટ સાધન-સામગ્રીની ખરીદી કરવા માટે ફાળવી છે. જેમાંથી પી.એસ.એ. પ્લાન્ટ, હોસ્પિટલના દર્દીઓને દવાઓ, જમવાનો ખર્ચ, રસીકરણની કામગીરી તેમજ કોરોના અંગેની જન જાગૃતિ ફેલાવવા માટે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં સરકારી અને ખાગની મળીને કુલ- ૫૯ હોસ્પિટલો કોવિડ હોસ્પિટલ તરીકે કાર્યરત કરવામાં આવી છે. સિવિલ હોસ્પિટ ખાતે પી.એસ.એ. પ્લાન્ટ તેમજ ઓક્સિજન પ્લાન્ટ ઉપરાંત માણસા, કોલવડા, કલોલ અને મોટી ભોયણ ખાતેના પી.એસ.એ. પ્લાન્ટ તેમજ મહાત્મા મંદિર ખાતે સેન્ટ્રલ ઓક્સિજન વ્યવસ્થાની સજ્જ ૯૦૦ બેડ અને ૨૨૫ વેન્ટીલેટર બેડ તૈયાર કરવામાં આવ્યા છે. જિલ્લામાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના ૫ લાખ ૮૦ હજારથી વધુ લોકોને એટલે કે ૬૮ ટકા જેટલા વ્યક્તિઓને કોવિડની રસી આપવામાં આવી છે. વિકેન્દ્રીત જિલ્લા આયોજનની વિવિધ જોગવાઇઓ હેઠળ વર્ષ-૨૦૨૧-૨૨ રૂપિયા ૧૭ કરોડ ૯૫ લાખથી વધુના ૮૩૨ વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે કોરોના વોરિયર્સ સહિત વિશિષ્ટ કામગીરી બદલ ૫૦ વ્યક્તિઓનું સન્માન મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમના હસ્તે શાળા પ્રટાંગણમાં વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ શાળા કમ્પાઉન્ડમાં આવેલ પીંપલજના સ્વાતંત્ર્ય સેનાની શ્રી સુરેશભાઇ જોશીના શહીદ સ્મારક ( ખાંભી ) ને પણ પુષ્પાજંલિ અર્પણ કરીને વંદન કર્યું હતું. મંત્રીશ્રી, જિલ્લા કલેકટર શ્રી ર્ડા. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સૌરભિ ગૌત્તમ અને જિલ્લા પોલીસ વડા શ્રી મયૂર ચાવડાએ પરેડનું નિરીક્ષણ કરી ઉપસ્થિત નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર ( દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, દહેગામના ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણસહિત પદાધિકારીઓ અને અધિકારીઓ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## રોહિંગ્યા-બંગલાદેશી ઘૂસણખોરી

# રાષ્ટ્રીય સુરક્ષા માટે સંકટ આ વિષય પર ઑનલાઈન વિશેષ પરિસંવાદ !

મ્યાનમારના રોહિંગ્યા મુસલમાનોને એક મોટા કાવતરાંના ભાગ તરીકે ભારતમાં ઘૂસાડવામાં આવ્યા છે. તેઓ જમ્મૂ-કાશ્મીર, આસામ, પંજાબ, ઉત્તર ભારત, મેવાત (હરિયાણા) સહિત દેશના અનેક ભાગોમાં કેન્સરની જેમ ફેલાઈ ગયા છે. મેવાતમાં તો હિંદુઓની જગ્યાઓ પર અતિક્રમણ કરીને હિંદુ યુવતીઓનું અપહરણ, બળાત્કાર, હિંદુઓની હત્યા, મંદિરોની તોડફોડ, ઘરો પચાવી પાડવા ઇત્યાદિ તેઓએ ચાલુ કર્યું છે. આવા અમાનવીય તેમજ અનેક આતંકવાદી કાર્યવાહીઓમાં સહભાગી રહેલા રોહિંગ્યાઓને માનવતાની દૃષ્ટિએ ભારતમાં રહેવા દેવા, એ દેશહિત માટે ઘાતક છે, એવું પ્રતિપાદન ‘હિંદુ ફ્રંટ ફોર જસ્ટીસ’ના પ્રવક્તા તેમજ સર્વોચ્ચ ન્યાયાલયના ધારાશાસ્ત્રી વિષ્ણુ શંકર જૈને કર્યું. તેઓ ‘હિંદુ જનજાગૃતિ સમિતિ’ આયોજિત ‘રોહિંગ્યા-બંગ્લાદેશી ઘૂસણખોરી : રાષ્ટ્રીય સુરક્ષા માટે સંકટ’ આ ‘ઑનલાઈન’ વિશેષ પરિસંવાદમાં બોલી રહ્યા હતા.

ધારાશાસ્ત્રી જૈને ઉમેર્યું કે, પ્રશાંત ભૂષણ અને કૉલિન ગોન્સાલ્વિસ જેવા ધારાશાસ્ત્રીઓ સર્વોચ્ચ ન્યાયાલયમાં રોહિંગ્યાઓ માટે લડી રહ્યા છે, જ્યારે ‘જકાત ફાઉંડેશન’ જેવી ધર્માંધ સંગઠનાઓ રોહિંગ્યાઓને સમગ્ર દેશમાં વસાવવાનું કામ કરી રહી છે. આ વિશે સંપૂર્ણ દેશમાં જનજાગૃતિ કરવી જોઈએ. આ સમયે વિશ્વ હિંદુ પરિષદના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. વિનોદ બંસલે કહ્યું કે, પહેલાં શરણાર્થી તરીકે આસરો લીધા પછી આ લોકો પોતાની લોકસંખ્યા વધારીને તે દેશમાં વર્ચસ્વ નિર્માણ કરે છે. આ પ્રમાણે તેઓએ જગતના ૫૬ દેશોને ઇસ્લામિક કર્યા છે. મ્યાનમારથી હજારો કિલોમિટર દૂર રહેલા જમ્મૂમાં હજારો રોહિંગ્યાઓને શા માટે વસાવવામાં આવ્યા છે ? આની પાછળ જમ્મૂને કાશ્મીર પ્રમાણે હિંદુવિહિન કરવાનો જેહાદી વિચાર હતો. રોહિંગ્યાઓની વસ્તીઓ ભારતીય સેના દળની છાવણી પાસે વસાવીને પછી સેનાની છાવણી પર બૉંબસ્ફોટ કરવામાં આવ્યો. વર્ષ ૨૦૦૮માં દિલ્લી ખાતે શરણાર્થીનો દરજ્જો માંગવા માટે આવેલા ત્રણ હજાર રોહિંગ્યાઓ ત્યાર પછી ક્યાં ગયા, તે સમજાયું જ નહીં. તેથી સરકાર પર નિર્ભર રહેવાને બદલે હિંદુઓએ પોતે જાગૃત અને સંગઠિત થવું જોઈએ, તો જ ઘૂસણખોરી થોભશે. સનાતન સંસ્થાના ધર્મપ્રચારક શ્રી. અભય વર્તકે કહ્યું કે, ઘૂસણખોરો રાષ્ટ્રીય સુરક્ષા માટે ધોકાદાયક હોવા છતાં પણ વર્ષ ૨૦૧૨માં ૪૦ હજારની સંખ્યામાં રહેલાં રોહિંગ્યાઓ અત્યારે કેટલાક લાખોની સંખ્યામાં થઈ ગયા છે. સુરક્ષા યંત્રણાની જાણકારી અનુસાર ભારતમાં ૬ કરોડથી અધિક બંગલાદેશી ઘૂસણખોરો છે. નવી જાણકારી અનુસાર દિલ્લીમાં ૧૧ હજાર અફઘાનિસ્તાનના ઘૂસણખોરો પણ આવ્યા છે. તેઓએ દિલ્લીમાં ‘મીની કાબુલ’ વસાવ્યો છે. દિલ્લીમાં રોહિંગ્યાઓની ઝૂપડીઓને અચાનક આગ લાગી ત્યારે ત્યાં ‘આપ’ના નેતા જઈને તેઓને મળ્યા. રોહિંગ્યાઓને દિલ્લી સરકાર દ્વારા પ્રત્યેકને અર્થસહાય્ય, નવું ઘર, વીજળી, પાણી ઇત્યાદિ આપવાની જાહેરાત કરવામાં આવી. આમ કરવું એટલે બહુમતી ધરાવતા હિંદુઓએ કર ભરવો અને સુવિધાઓ ઘૂસણખોરોને આપવી, આ વાત હિંદુઓ ક્યારેય સહન કરશે નહીં. ઘૂસણખોરોને માનવતાની દૃષ્ટિએ જોઈશું તો હિંદુઓ ‘માનવ’ તરીકે બાકી નહીં રહે. આ સમયે હિંદુ જનજાગરણ મંચના આસામના વિધી પ્રમુખ ધારાશાસ્ત્રી રાજીવકુમાર નાથે કહ્યું કે, આસામની હજારો કિલોમિટરની સીમા મ્યાનમારને લાગીને છે. તેથી સ્થાનિક ધર્માંધોની સહાયતાથી રોહિંગ્યાઓને પદ્ધતિસર રીતે ભારતમાં ઘૂસાડવામાં આવે છે, આ વસ્તુસ્થિતિ છે.

રમેશ શિંદે,

## માણાવદરમાં આજના દિવસે

### ઇ.સ.૧૭૬૩ માં ફક્કડ સાધુએ પાંચ જીવ સાથે સમાધી લીધી હતી

માણાવદરનો ટીંબો લગભગ ૬૦૦ વર્ષ જૂનો છે અહી પ્રથમ કચ્છમાંથી આવેલા ચારણોના નેસ- નેખમ અને ટીંબા હતા. કુલ સાત ટીંબાનો બનેલો મુખ્ય નેસ ×માણલા× નામે ઓળખાતો હતો ઇ.સ.૧૭૫૯ માં આ વિસ્તાર જંગલ જાડી થી ઘેરાયેલો હતો એ વખતે બાંટવાના બે બાબીઓ બિસ્મિલખાન અને દિલેરખાન શિકાર અર્થે આ વિસ્તારમાં આવેલા.બપોર હોવાથી પાણીની તપાસ કરતા હતા ત્યાં એક ભીનું થયેલુ કુતરુ નીકળ્યુ કુતરા ને જોઈને બંનેએ કુતરા સગડ દબાવ્યા તો દૂર એક નરાળી વાવ દેખાય.બંનેએ પાણી પીને આસપાસની જમીન જોય અહી ગામ વસાવ્યું અને રાજધાની થઈ તેનો શરૂઆતનો વહીવટ દિલેર હખાનના હાથમાં સોંપ્યો હતો.

૧૭૬૦ માં જે સમયે માણાવદર ટીંબા નું મુહૂર્ત થયું તે વખતે લીંબુડા ગામના નવાબ દાદા મુખત્યારખાન અને તેનો દીકરો ગજુમિયા, તેમજ મહંમદખાન, મયારામ ભટ્ટ, ગોવિંદરામ ભટ્ટ, જૂનાગઢના દીવાન અમરજી, જસા પટેલ, ધનજીભાઈ પટેલ, પરબતભાઈ પટેલ, અને વંથલી ગામના મોચી ગોર વગેરે હાજર રહ્યા હતા. ટીંબાના મુહૂર્ત પછી પૂર્વમાં ગામને અડીને શંકર લિંગની સ્થાપના કરવામાં આવી હતી. જેને પીપળેશ્વર મહાદેવ એવું નામ આપવામાં આવેલ આ સ્થાપનાને આજે ૨૬૦ વર્ષ થયા છે.જીગ્નેશ પટેલ માણાવદર

## બહુચર્ચિત અરવલ્લી LCB દારૂ કાંડ

# ફરાર LCB PI આર.કે પરમાર હિંમતનગર DYSP કચેરીએ હાજર થયો, રીમાન્ડ માટે જજના બંગલે રજુ કરાયો

. મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી એલસીબી પોલીસે ૬ મહીના અગાઉ ગાજણ નજીકથી ટ્રકમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપી લીધા પછી કાયદેસરની કાર્યવાહી કરતા પહેલા ટ્રકમાંથી દારૂનું કટીંગ કરી ૭ પેટી દારૂ એલસીબી ઓફિસમાં જુદા-જુદા સ્થળે સંતાડી દીધો હતો એલસીબી પોલીસમાં ફરજ બજાવતા ઈમરાન ખોખર અને પ્રમોદ પંડ્યા નામના પોલીસ કર્મીઓ એસેન્ટ કારમાં ૧૦ પેટી વિદેશી દારૂ ભરી વહીવટદાર શાહરુખના પાયલોટીગ સાથે દારૂન વેપલો કરવા નીકળ્યા હતા કાર પલ્ટી જતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું પોલીસવડા સંજય ખરાત સમસમી ઉઠ્યા હતા અને ટાઉન પોલીસને એલસીબી પીઆઈ આર.કે.પરમાર અને ત્રણ પોલીસકર્મીઓ સામે ગુન્હો નોંધી ત્રણ કોન્સટેબલને સસ્પેન્ડ કરી દીધા હતા રેંજ આઈજી અભય ચુડાસમાએ સીટની રચના કરી સમગ્ર કેસની તપાસ સાબરકાંઠા ડીવાયએસપીને સોંપી હતી ઠેર ઠેર છાપા મારી પછી પણ પીઆઇ પરમાર પકડથી દૂર રહ્યો હતો ત્યારે પોલીસતંત્રની કામગીરી સામે સવાલ પેદા થયા હતા શનિવારે ખુદ સસ્પેન્ડ અરવલ્લી પીઆઈ આર કે પરમારે હિંમતનગર ડીવાયએસપી કચેરીમાં સરેન્ડર કર્યું હોવાની માહીતી પ્રાપ્ત થઇ હતી . હિંમતનગર ડીવાયએસપી કચેરીએ હાજર થયેલા સસ્પેન્ડેડ પીઆઈ આર કે પરમારને ડીવાયએસપી સૂર્યવંશી અને તેમની ટીમ રવિવારે મોડાસાના માલપુર રોડ પર આવેલા ન્યાયાધીશના બંગલે રજુ કર્યો હતો અને રિમાન્ડ મેળવવા તજવીજ હાથધરી હતી

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કેટલાક અધિકારીઓ અને પોલીસકર્મીઓની દારૂ અંગે માથરવટી મેલી છે ગાંધીના ગુજરાતમાં દારૂના ધંધામાં રહેલા અઢળક નફાને પગલે દારૂબંધીની કડક અમલવારી કરાવવાને બદલે જાતે જ દારૂની ખેપમાં જોતરાઈ જતા હોવાથી ખાખીને દાગ લગાડી બદનામ કરી રહ્યા છે અરવલ્લી જીલ્લા પોલીસ તંત્રમાં છેલ્લા ૨૪ કલાકમાં સર્જાયેલ દારૂકાંડના પગલે જીલ્લા પોલીસતંત્રમાં ખળભળાટ મચ્યો છે અરવલ્લી એલસીબી પોલીસે ગાજણ નજીક એંટીકુટી બ્રાન્ડનો દારૂ ભરેલ આયશર ટ્રક પકડ્યા બાદ એલસીબીમાં ફરજ બજાવતા બે કોન્સટેબલ કારમાં દારૂ ભરી વેપલો કરવા નીકળ્યા હતા કાર પલ્ટી જતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતા સમગ્ર ઘટનાક્રમ પછી જાગૃત નાગરીકે એલસીબી કચેરીમાં પણ ટ્રકમાંથી દારૂનું કટીગ કરી ઓફિસની અંદર સંતાડવામાં આવ્યો હોવાનો જીલ્લા પોલીસવડા સંજય ખરાતની રૂબરૂ મુલાકાત લઇ જણાવતા એસપી સમસમી ઉઠ્યા હતા અને એલસીબી કચેરીમાં પહોંચી તપાસ હાથધરી વાતમાં તથ્ય જણાતા તાબડતોડ ટાઉન પોલીસને એલસીબી ઓફિસની તપાસ કરવાના આદેશ આપતા ટાઉન પોલીસને એલસીબી ઓફિસની જુદી-જુદી રૂમો માંથી મળી આવતા એસપીએ તાબડતોડ કડક કાર્યવાહીના આદેશ આપી એલસીબી પીઆઇ આર કે પરમાર સહીત ૩ કોન્સટેબલ સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે એલસીબી પીઆઈ આર કે પરમાર અને દારૂને સગેવગે કરવામાં સંડોવાયેલ ત્રણ પોલીસકર્મીઓ વિરુદ્ધ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મોડાસા ટાઉન પોલીસે એલસીબી ઓફિસમાં રેડ કરતા અલગ-અલગ રૂમમાંથી વિદેશી દારૂ અને બીયર નંગ-૧૬૭ કી.રૂ.૩૬૭૪૦/- નો જથ્થો જપ્ત કરી એલસીબી પીઆઈ આર કે પરમાર,પોલીસ કોન્સટેબલ અતુલ ભરવાડ અને દારૂનો વેપલો કરવા કારમાં નીકળ્યા હતા તેવા ઈમરાન ખોખર અને પ્રમોદ પંડ્યા સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા જેમાં ગતરોજ ઈમરાન ખોખર અને પ્રમોદ પંડ્યાની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા ત્રણે કોન્સટેબલને સસપેન્ડ કરી દીધાં હતા એલસીબી પીઆઈ આર કે પરમાર સામે જીલ્લા પોલીસવડા સંજય ખરાતે કાયદેસરની કાર્યવાહીના આદેશની ગંધ આવી જતા રજા પર ઉતરી ગયા હતા અને પોલીસ ધરપકડથી બચવા ભૂગર્ભમાં ઉતરી ગયા હતા દારૂની ખેપનો પર્દાફાશ થતા ઈમરાન ખોખર અને પ્રમોદ પંડ્યા સામે ૨૪ કલાકની અંદર જ બે જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે સમગ્ર મામલે જણાવ્યું હતું કે દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ પોલીસ અધિકારી હોય કે કર્મચારી તેમની સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવશે અને ટ્રકમાંથી દારુ બારોબાર સગેવગે થવાના કિસ્સામાં તટસ્થ તપાસ કરી અન્ય કોઈ પણ પોલીસતંત્ર કે બહારના વ્યક્તિન સંડોવણી બહાર આવશે તો તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથધરવામાં આવશે

અરવલ્લી એલસીબી પોલીસમાં ફરજ બજાવતા બે પોલીસકર્મીઓ એલસીબીના વહીવટદાર શાહરુખના પાયલોટીગ સાથે ટ્રકમાંથી દારૂ ભરી બારોબારીયું કરવા જતા કાર પલ્ટી જતા થયેલ દારૂ કૌભાંડના મામલો બહાર આવતા લોકોમાં અરવલ્લી એલસીબી પોલીસે જ દારૂનો વેપલો શરૂ કર્યો હોવાની ચર્ચાતી ચર્ચા સાચી ઠરી હોય તેમ એલસીબી ઓફિસમાંથી ગેરકાયદેસર દારૂ મળી આવ્યો હતો એલસીબી કર્મચારીઓ પછી દારૂ સગેવગે કરવામાં એલસીબી પીઆઈનું નામ પણ આવતા સમગ્ર રાજ્યના અરવલ્લી પોલીસતંત્રનું નાક વઢાઈ ગયુંહોય તેવી સ્થિતીનુંનિર્માણ થયું છે

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ચાર ગદ્ય. રચનાઓ

વિષય :." શિવ મહિમા..શ્રાવણ સોમવાર મહત્વ વિષયક રચનાઓ.(તા.૧૭-૮-૨૦૨૧) દિવસ - ૧ ( પ્રથમ દીવસ)

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
સાહિત્ય સરિતા
ર્દ્ર જીજી: ૦૦૮૯
વિષય -- શ્રાવણનો મહિમા
પ્રકાર -- ગદ્ય
શબ્દો —૩૨૦
શીર્ષક - શ્રાવણી સોમવારે
રેખા શુક્લ- અમેરિકા

શ્રાવણનાં ઝરમર વરસાદે સૌ માનવીનાં ભીજાયેલાં મનને મહેંકાવવા આવી ગયો તહેવારોનો મહિનો, મજાનો માણો શ્રાવણ.બિલીપત્ર ઘર ઘર વેચવા આવતી ઉમિયા પતરવેળીના પાનમાં દઇ જાય ને અમે સ્નાન કરી અભિષેક કરતા. પછી જમણા હાથમાં અક્ષત ચોખાના દાણા ને પુષ્પ લઇ સાકરિયા સોમવારની વાર્તા ધ્યાનથી સાંભળતા. બે વર્ષ ભાખરીયા ને બે વર્ષ સાકરિયાં સોમવાર સંપૂર્ણ શ્રદ્ધા થી કર્યા. અને સાચે મારા મહેશજી મળ્યા ને બા બોલ્યા બેટા તારા વ્રત ફળ્યાં. શ્રાવણ સુદ એકમ અને પહેલો સોમવાર. દરેક ભવિકોનાં મનનાં ભક્તિ ભાવની ગંગા વહાવતો મહિનો. લોકોનાં મનમાં આનંદ અને ઉત્સાહ ભરી દેતો મહિનો શ્રાવણ. ધાર્મિક તહેવારો, એનાં ઉત્સવો, મેળા, પૂજા, પાઠ, વ્યાખ્યાન વગેરેથી ભરપૂર આ મહિનો. ઉપવાસ અને વ્રત કરીને ધર્મને યાદ કરવાનો આ મહિનો. મને બરાબર યાદ છે પરોઢીએ નદીએ નહાવા જઇએ તાજગી ભરેલી સવારનો આનંદ વાગોળીએ ઓમ નમઃ શિવાય મનમાં બોલ્યા કરીને. આખો મહિનો ઉપવાસ કે એકટાણાં કરવાનું વગેરે ઘણાં વ્રત હોય છે જે દરેક વ્યક્તિ યથાશક્તિ દાન પણ કરે છે. જ્યાં સુધી યાદ છે બા સીધું એક થાળીમાં લોટ-દાળ-ચોખા-ગોળ-ઘી-તેલ વગેરે મૂકી આપતા. મને યાદ છે, ભિક્ષુકોને જમાડી દક્ષિણા આપતા. ગાય ની પહેલી રોટલી રોજ બનતી.

પાર્થેષવર ની પૂજા ૧૦૧ શિવલિંગ બનાવી પૂજતા બા દરેક શિવલિંગ પર એક એક અક્ષત ચોખા ચડાવતા શીખવે. દરેક વખતે ઓમ નમઃ શિવાય બોલાવે, માળા પણ કરવાની. બોળ ચોથ, નાગપાંચમ, રાંધણ છઠ, શીતળા સાતમ, જન્માષ્ટમી, વગેરે તહેવારો બધાં હરખભેર ઉજવીએ.સારું સારું ખાવાનું બનાવી રાંધણ છઠની મજા કરી ને લગ્ન પછી સાતમ આઠમ ના મેળામાં જવા નો લાભ મળ્યો. પારણાં ના દર્શનની પણ અનેરી મજા. ભાઈ બહેનનાં પવિત્ર સંબંધને વધારે મજબૂત બનાવતો તહેવાર રક્ષાબંધન પણ શ્રાવણસુદ પૂનમે દરેક ભાઈબેન ધામધૂમથી ઉજવે છે. બેન ખૂબ ખૂબ શુભેચ્છાઓ સાથે ભાઈના હાથે રેશમની દોરીથી બનેલી રાખડી બાંધે છે અને ભાઈ બેનને તકલીફોમાં સાથે રહીને સહાય કરવાનું વચન આપે છે. આ મહિનો સંયમ, સમતા અને પવિત્ર ભાવથી કરાતા ધર્મ, વ્રત, ઉપવાસનું સાચું મહત્વ સમજાવે છે. મામાને રાખડી બાંધતા કેમકે ચાર ચાર બહેનો પછી ભાઇ જન્મ્યો. ભકિત, કથા, વ્રત ને પૂજા શીખવતો આ મહિનો ઘણું શીખવે છે.

રેખા શુકલ

---

NOG:SS:NO.:0032
વિષય :" શિવ મહિમા,,શ્રાવણ નો મહિમા,શ્રાવણી સોમવાર નું મહત્વ "
વિભાગઃ પદ્ય
શીર્ષકઃ શ્રાવણિયો

શ્રાવણિયા મહિને વહાલો સંદેશા મોકલે,
ઝરમર વરસે ઝીણા મેહ....
વૃંદાવનને વાલા મારગ જાતા મને
સામા મળ્યા કુંજબિહારી...
આવો આવો મારા કાન કુંવર,
હરિસંગ હેત ઘણા, હરિસંગ નંદલાલા...
સાગ સીસમનો ઢળાવું ઢોલિયો..
અને ભાત ભાતનાં પીરસું પકવાન.
મુખવાસ નાગરવેલનાં બીડલાં....
આવો આવો મારાં કાનકુંવર,
હરિસંગ હેત ઘણા, હરિસંગ નંદલાલા..
નામ ન જાણું ઠામ ન જાણું,
હું કેમ કરી આવું તારી પાસ..
"રાધા" છે મારું નામ અને
બરસાના છે અમારું ગામ....
કેમ કાના, ના ઓળખી બાળપણની
ભેરુડી.
આવો આવો મારાં કાનકુંવર,
હરિસંગ હેત ઘણાં,હરિસંગ નંદલાલા..

મીનામાંગરોલીયા મીનુ,અમદાવાદ

---

NOG SS No/77
વિભાગઃપદ્ય મૌલિક
વિષયઃશ્રાવણનો મહિમા
શીર્ષકઃ શ્રાવણ

અષાઢી મેઘ ગાજે ને અષાઢી તોલાય,
અષાઢ થાય વિદાય ને શ્રાવણ સરવડે ઝીલાય...!
શ્રાવણીયો આવે ને બમબમભોલે બોલાય,
મંદિરના ઘંટારવે મહાદેવના ગુણલા ગવાય...!
શંખનાદે ને ડમરુંના નાદે ગાજે શિવાલય,
હર હર મહાદેવના નામે ઓવારણાં લેવાય...!
ફરાળ, એકટાણાં કે ઉપવાસે સહુ શિવજીને રીઝાવે,
શિવમહિમ્ન ને શિવતાંડવ સ્તોત્રથી માંહ્યલા ગજાવે...!
રુમઝુમ કરતો શ્રાવણ તહેવારોની છડી પોકારે,
નવલાં દિવસો ને વરસાદી માહોલ બનાવે...!
આવે અવનવાં હિંડોળાની હેલી,
બહેનભાઈના પર્વ સમી બળેવની સંગાથ બ્રાહ્મણ બદલતા જનોઈ મેલી...!
નાગપાંચમ,રાંધણ છઠ્ઠ,શીતળા સાતમ ને
ગોકુળ આઠમ,
આબાલવૃદ્ધ સહુ
મોજ મઝા કરતાં ભરાતો મેળો સાતમ-આઠમ...!
શ્રાવણ મહિનાનો મહિમા ગાઉં હું,
સહુ આખું વરસ એની રાહ જોતાં સહું ...!
બોલે સહુ મહાદેવ હર ને બમબમ ભોલે,
થઈ શિવજીમાં
લીન ભક્તિનો
રસ ઘોલે..!

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

---

NOG : SS NO -0 0 82
સાહિત્ય સરિતા
વિભાગ : ગદ્ય
શીર્ષક : શિવ મહિમા,
શ્રાવણ માસ મહત્વ,
અને તેનો મહિમા,
અનાદિ કાલથી શિવને
હિન્દુ આસ્થા નું પ્રતીક
માનવામાં આવે છે,
પુરાણ કાલ અને પૃથ્વી ના ઉત્પતિ કાલ થી
દેવાધીદેવ મહાદેવ આ
સૃષ્ટિકર્તા રુપે દરેક જિવો ના અધિસ્ત્થાતા
રુપે આ ધરતી પર બિરાજમાન છે,
ભગવાન શિવ ને પણ તેમના જીવનમાં ખૂબ જ દુ :ખ
પડેલ,
શિવ તાંડવ જેવી ક્રોધાયમાન થવા જેવી ઘટના,મા
પાર્વતીજીનું
જીવંત અગ્નિમા પ્રવેશ
ની ઘટના,આ દેવ સ્વરૂપ ભગવાનને પણ
તેમના જીવનમાં દુખદ
પરિસ્થિતિ ને નિર્માણ થતી જોવી પડી, તો
આપણે તો માત્ર પામર
જિવ જ છીએ,
એટલે જ આપણે શિવ
આરાધના કરી આત્મ
કલ્યાણ હેતુસર શિવ મા જિવ પરોવી સમગ્ર
શ્રાવણ માસને શિવ મય બની સમગ્ર જન કલ્યાણ
અને આત્મ જિવની શુદ્ધિ માટે પુજા અર્ચન કરી
ભગવાન શિવને રીજ્વવાનો પ્રયત્ન કરીએ છીએ,
શિવથી કોઈ ઉપર નથી
શિવ થી કોઈ પર નથી,
ભોળા શિવને કોઈ મોહ નથી,
જગત તાત શિવના શરણમા
પરમ સુખની ગંગા વહે છે,
બ્રહ્મા વિષ્ણુ મહેશના
ચરણમા,
અનંત શાંતિ સુખ વહે છે

ડૉ અનિરૂધ વ્યાસ,નડીયાદ

---

NOG SS No-0011
સાહિત્ય સરિતા
વિભાગઃ- પદ્ય- મૌલિક રચના
પ્રકારઃ- ગીત
શીર્ષકઃ- ભોળા શિવા એક તું....

મારું આજ બની ગયો છે ભોળા શિવા એક તું,
મારું કાલ પણ હતો એ,હે ભોળા શિવા એક તું....
મારું આજ..
આભે આંબતા કૈલાસમાં બીરાજે શિવા એક તું,
આખા જગમાં છે, ભગવાન વસે શિવા એક તું... મારું
આજ..
મારી સાંજ ને સવાર બન્યાં છે, જગમાં હે ભોળા!
ચંદ્ર ને ગંગા ધારણ જોગી સઘળે શિવા એક તું... મારું
આજ
શિવા શિવા શિવાહોમ થઈ રહ્યો એ શિવાલયોમાં,
ભોળો ભોલેનાથ કૈલાસે મરકતો ફરે શિવા એક તું...
મારું આજ
દેવ છે દેવોનાં મહાદેવ,મંગલકારી ને નિર્મોહી ચંદ્રેશ,
પ્રલયકારી નેત્રથી અસુરો સંહાર કરે શિવા એક તું...
મારું આજ

મનોજકુમાર પંચાલ, 'મન', પાલનપુર

## નેચરલ ગેસમાં ૪.૫૭ કરોડ એમએમબીટીયૂના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં મામૂલી ઘટાડો

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૦,૯૨૭ સોદાઓમાં કુલ રૂ.૯,૮૫૪.૫૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૬૯ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૧૩૧ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૫૩,૩૭૧ સોદાઓમાં કુલ રૂ.૨,૬૩૨.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૬,૯૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૦૨૨ અને નીચામાં રૂ.૪૬,૮૨૮ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૪ ઘટી રૂ.૪૬,૮૬૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૨ ઘટી રૂ.૩૭,૭૧૨ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ ઘટી રૂ.૪,૬૬૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૩,૧૪૧ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૨૩૩ અને નીચામાં રૂ.૬૨,૫૩૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૭૩ ઘટી રૂ.૬૨,૬૬૫ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫૮૭ ઘટી રૂ.૬૨,૯૩૨ અને ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫૮૯ ઘટી રૂ.૬૨,૯૩૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૧,૧૯૨ સોદાઓમાં રૂ.૨,૦૦૯.૫૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૮૫ ઘટી રૂ.૨૦૭.૩૦ અને જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ ઘટી રૂ.૨૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૯.૫૦ ઘટી રૂ.૭૨૩.૮૫ અને નિકલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૮.૪ ઘટી રૂ.૧,૪૮૦.૮૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ ઘટી રૂ.૧૭૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૩૫,૨૪૫ સોદાઓમાં કુલ રૂ.૨,૪૭૫.૫૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૦૧૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૦૫૨ અને નીચામાં રૂ.૪,૯૬૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૮૬ ઘટી રૂ.૪,૯૯૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧ ઘટી રૂ.૨૮૭.૪૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧,૯૮૦ સોદાઓમાં રૂ.૨૯૧.૧૩ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૪૭૬.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૯૦ અને નીચામાં રૂ.૧૪૭૬ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮.૫૦ વધી રૂ.૧,૪૮૧.૫૦ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર ઓગસ્ટ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૮,૦૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮,૧૪૦ અને નીચામાં રૂ.૧૮,૦૨૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૨ ઘટી રૂ.૧૮,૧૦૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૯૪.૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૯૪.૬૦ અને નીચામાં રૂ.૧૧૭૫.૧૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧.૫૦ વધી રૂ.૧૧૮૩.૫૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૨૦ ઘટી રૂ.૯૩૩.૪૦ અને કોટન ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૨૩૦ વધી રૂ.૨૬,૭૮૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૦,૪૩૯ સોદાઓમાં રૂ.૧,૨૫૩.૫૩ કરોડનાં ૨,૬૭૧.૭૫૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૨,૯૩૨ સોદાઓમાં કુલ રૂ.૧,૩૭૮.૯૩ કરોડનાં ૨૧૮.૬૬૪ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૧૭૪.૪૯ કરોડનાં ૮,૪૨૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૨૩૫.૭૨ કરોડનાં ૯,૪૭૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૯૮૨.૧૦ કરોડનાં ૧૩,૫૨૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૫૪૨.૭૭ કરોડનાં ૩,૬૬૧.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૭૪.૪૫ કરોડનાં ૪,૧૫૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૩,૨૧૪ સોદાઓમાં રૂ.૧,૧૧૭.૯૬ કરોડનાં ૨૨,૩૩,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૨,૦૩૧ સોદાઓમાં રૂ.૧,૩૫૭.૫૮ કરોડનાં ૪,૭૫,૪૦,૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૬ સોદાઓમાં રૂ.૦.૧૮ કરોડનાં ૨૪ ટન અને કોટનના વાયદાઓમાં ૪૬૮ સોદાઓમાં રૂ.૩૯.૦૫ કરોડનાં ૧૪૫૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૫૩ સોદાઓમાં રૂ.૨.૪૦ કરોડનાં ૨૫.૫૬ ટન, રબરના વાયદાઓમાં ૨૬ સોદાઓમાં રૂ.૦.૫૧ કરોડનાં ૨૮ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૪૨૭ સોદાઓમાં રૂ.૨૪૮.૯૯ કરોડનાં ૨૧,૨૩૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૭૪૫.૯૯૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૩૨.૧૩૧ ટન, એલ્યુમિનિયમમાં ૧૨,૧૧૫ ટન, જસત વાયદામાં ૯,૬૫૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૪,૧૫૨.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૩,૦૬૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૪,૮૨૫ ટન, ક્રૂડ તેલમાં ૭,૫૪,૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૨,૧૧,૦૮,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૮૮ ટન, કોટનમાં ૯૩૭૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૫૫.૪ ટન, રબરમાં ૧૬૫ ટન, સીપીઓમાં ૮૫,૮૯૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૧૬ સોદાઓમાં રૂ.૧૦૯.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૫૮૪ સોદાઓમાં રૂ.૪૪.૫૦ કરોડનાં ૬૩૧ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૭૩૨ સોદાઓમાં રૂ.૬૪.૯૮ કરોડનાં ૮૨૩ લોટ્સના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૨,૪૭૫ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૮૬૨ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૪,૧૩૬ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૧૪૨ અને નીચામાં ૧૪,૦૭૩ના સ્તરને સ્પર્શી, ૬૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૫ પોઈન્ટ ઘટી ૧૪,૦૮૨ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૮૭૫ના સ્તરે ખૂલી, ૧૩૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૨૦ પોઈન્ટ ઘટી ૧૫,૭૭૩ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૨૭,૮૨૩ સોદાઓમાં રૂ.૨,૩૩૬.૩૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૦.૪૮ કરોડ, ચાંદીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૪.૨૨ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૧૨૦.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

## આવે છે...

દરિયો પણ લાગણી,લઈ આવેછે.
નદિયો પણ માગણી,લઈ આવેછે.
ઉછાળા લઇને ઘૂંઘવવું છેવટ સુધી,
ને કિનારા, હાથ તાળી,દઈ આવેછે.
સૂસવાટે સમજી શકે છે સુક્ષમણા,
પલક ઝપટ માં કાનને,કઈ આવે છે.
વલયો વચમાં રહી વાગોળતા રહ્યા
જે ઊંડાણે ભેદસુધી,જઇ આવે છે.
શ્વાસ એવા અધૂરા અહીં ઘૂંટાય છે
જ્યાં શુષ્ક''રાત વાસો,રઈ આવે છે.



શુષ્ક પીરોજપુરી
(પાલનપુર)

### મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા

## અમૃત મહોત્સવ નિમિતે ઑન લાઈન કવિ સંમેલન ગુજરાતીમાં યોજાયું

અમૃત મહોત્સવ નિમિતે ઑન લાઈન કવિ સંમેલન ગુજરાતી માં મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા રાષ્ટ્ર ભક્તિ માટે આયોજિત કરવામાં આવ્યું હતું.


આ કાર્યક્રમ નું ઉદ્ઘાટન આદરણીય શ્રી નૈષધ મકવાણા સાહેબ પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કરવામાં આવ્યું હતું અને પોતાની રચના પણ પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમ માં કુલ ૫૦ થી વધુ કવિઓ એ ભાગ લઈ પોતાની રચનાઓ પ્રસ્તુત કરી હતી.આ કાર્યક્રમ માં ખંભોળજ સાહિત્ય સંસ્થા આણંદ ના અધ્યક્ષ શ્રી શૈલેષ વાણિયા ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો

આ પ્રસંગે એડવોકેટ શ્રી કાંતિભાઈ પટેલ ઈંડિયન લાયન્સ તથા ખચાનચી ગાંધી નગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રે બલ ટ્રસ્ટ દ્વારા કવિતા રજૂ કરવામાં આવી હતી. અને ટ્રસ્ટી શ્રી મહેન્દ્ર ભાઈ ચૌહાણ દ્વારા સૌ કવિ મિત્રો નો આભાર માન્યો હતો.

સંસ્થાના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા પણ રાષ્ટ્ર ધ્વજ માટે પોતાની રચના પ્રસ્તુત કરી હતી.અંત માં વંદે માતરમ્ રાષ્ટ્રીય ગીત રજૂ કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમ ને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

ડૉ ગુલાબચંદ પટેલ

## અરવલ્લી : એક જ સમાજના યુવક-યુવતીએ પ્રેમ લગ્ન કર્યા છતાં સમાજના ઠેકેદારોને વાંધો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

બાયડ તાલુકાના વસાદરા ગામના રવીન્દ્ર મેહરીયાને જીતપુર ગામની યુ પોતાની જ્ઞાતિની અમિતાનામની યુવતી સાથે પ્રેમ થઇ જતા યુવક-યુવતીએ કોર્ટ મેરેજ કરી લીધા હતા યુવકના પરિવારજનોએ પ્રેમલગ્ન પછી યુવતીનો સ્વીકાર કરી લેતા પ્રેમી યુગલ શાંતિથી લગ્નજીવન પસાર કરતા હતા આ અંગે વસાદરા ગામના જ કહેવાતા સમાજના બે આગેવાનોએ અમારાં સમાજમાં આવા કોર્ટ મેરેજ ચાલતા નથી કહી બંનેને છુટા પડી જવાનું જણાવી સળગાવી દેવાની ધમકી આપતા પ્રેમી યુગલ અને યુવકના પરિવારજનો ફફડી ઉઠ્યા હતા અને પ્રેમી યુગલ જીવ બચાવવા ગામ છોડી દેવા મજબુર બન્યા હતા આખરે પ્રેમી યુગલે જીલ્લા પોલીસવડાને લેખીત જાણ કરી ન્યાયની માંગ કરી આગેવાનોનો રંજાડ ઓછો નહીં થાય તો આત્મહત્યા કરવા મજબુર બનવું પડશેની ચીમકી ઉચ્ચારતા ખળભળાટ મચ્યો છે .વસાદરા ગામના રવીન્દ્ર લાલજીભાઈ મેહરીયાએ જીતપુર ગામની અમિતા મેહરીયા નામની યુવતી સાથે પ્રેમ સબંધ બંધાયા પછી કોર્ટમાં કાયદાકીય રીતે રજીખુશીથી પ્રેમલગ્ન કરી લીધા હતા અને પ્રેમી યુગલ આંબલીયારા પોલીસ સ્ટેશનમાં હાજર થતા પોલીસે યુવકના માતા-પીતાને સોંપતા યુવકના પરિવારજનોએ યુવતીને પુત્રવધુ તરીકે સ્વીકારી લીધી હતી જે બાદ ગામના જ સમાજના કહેવાતા આગેવાન એવા રમેશભાઈ વાલાભાઈ મેહરીયા અને હિતેષભાઈ રમેશભાઈ મેહરીયાએ ૬ દીવસ અગાઉ યુવકના ઘરે પહોંચી બીભસ્ત ગાળાગાળી કરી અમારા સમાજમાં કોર્ટ મેરેજ ચાલતા નથી અમારો જ કાયદો ચાલશે એક બીજાથી છુટા પડી જાવ નહીં તો એવા હાલ કરીશું કે સમાજમાં દાખલો બેસશે બંનેને બાંધીને પેટ્રોલ છાંટી સળગાવી દઈશું જીવતા રહેવું હોય તો ગામ છોડી જતા રહો બંને શખ્સોની ધમકીથી યુવકના પરિવારજનોએ આજીજી કરતા કરતા બંને શખ્સો જતા રહ્યા હતા પ્રેમી યુગલ જીવ બચાવવા ગામ છોડી દીધું હતું તેમ છતાં સમાજના અન્ય આગેવાનો રાકેશ મુળજી મેહરીયા અને જયેશ મુળજી મેહરીયા તેમજ બાયડની સત્યમ સોસાયટીમાં રહેતો પિયુષ જેઠાભાઇ ચમાર નામના શખ્સો ફોન પર ધમકીઓ આપી માનસીક ત્રાસ આપતા હોવાથી પ્રેમી યુગલ જીવ બચાવવા દર દર ભટકી રહ્યું છે આખરે આ લોકોની તાલીબાની ધમકીથી ત્રાસી ઉઠેલા પ્રેમી યુગલે જીલ્લા પોલીસવડાને ન્યાય અપાવવા અને કહેવાતા સમાજના આગેવાનોનો રંજાડ ઓછો થાય તેવી લેખિત અરજી આપી રક્ષણની માંગ કરી છે

પ્રેમી યુગલે મિડિયા પ્રતિનિધીઓ સામે જણાવ્યું હતું કે અમને ન્યાય નહિ મળે તો ન છૂટકે અમારે આત્મહત્યા કરવા મજબુર બનવું પડશે આ લોકોના ત્રાસ થી જીવ બચાવવા ભૂખ્યા તરસ્યા અન્ય સ્થળોએ આશરો લેવા મજબુર બન્યા છીએ

## જિલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ ઇજનેરી કોલેજ ખાતે રાષ્ટ્રધ્વજને સલામી આપી

# અરવલ્લીના મોડાસા ખાતે આન-બાન-શાન સાથે ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઇ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લાકક્ષાનો ૭૫મો સ્વાતંત્ર્ય પર્વ મોડાસાની ઇજનેરી કોલેજ ખાતે જિલ્લા સમાહર્તા શ્રી નરેન્દ્રકુમાર મીનાની ઉપસ્થિતિમાં યોજાયો હતો જયાં તેમણે ધ્વજવંદને સલામી આપી પોલીસ પ્લાટુનનું નિરીક્ષણ કર્યું હતું.

કલેકટર શ્રી નરેન્દ્રકુમાર મીનાએ જિલ્લાવાસીઓને સ્વાતંત્ર્ય પર્વની શુભકામનાઓ પાઠવી હતી સાથે કોરોના વોરીયર્સને પણ શુભેચ્છાઓ અપર્ણ કરી હતી. તેમણે અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ અપાવનાર મંગલ પાંડેથી માંડી ભગતસિંહ, શ્યામજી કૃષ્ણવર્મા, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભાઇ પટેલ સહિતના નામી-અનામી વીરસપૂતોને શ્રધ્ધાસુમન અપર્ણ કર્યા હતા. કલેકટરશ્રીએ વૈશ્વિક મહામારીમાં કોરોનાને મ્હાત આપવા સૌ લોકો એકજુટ બન્યા જેથી પરિસ્થતિને કાબુમાં લઇ શક્યા હોવાનું જણાવતા ઉમેર્યુ હતુ કે, દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની દિઘર્દ્રષ્ટીથી આરોગ્યક્ષેત્રે અસરકારક કદમ લેવાયા છે. તેમણે ગુજરાતીઓની વાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના લોકો આપત્તિને અવસરમાં પલટાવવાનું સામથર્ય ધરાવે છે. ભૂતકાળમાં ગુજરાત પર આવેલી અનેક મુશ્કેલીઓનો સામનો કરી વિકાસયાત્રોને આગળ વધારી છે.

કલેકટર શ્રીએ કોરોના મહામારીમાં ફ્રન્ટ લાઇન કોરોના વોરીયર્સ અને અન્ય સહયોગી સંસ્થાઓની કામગીરીને બિરદાવી મહામારીમાં જીવ ગુમાવનારને શ્રધ્ધાજંલિ પાઠવી તેમના પ્રત્યે સંવેદના વ્યકત કરી હતી.

કલેકટર શ્રીએ અરવલ્લી જિલ્લાની વાત કરતા જણાવ્યું હતું કે, ૨૦૧૩થી આ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો ત્યારથી વિકાસક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે. શામળાજીના કાળીયા ઠાકોર અને બૌધ્ધની અમૂલ્ય વિરાસત ધરાવતા શ્રધ્ધાના કેન્દ્રો છે. આઝાદીકાળમાં અમૂલ્ય ફાળો આ જિલ્લાનો રહ્યો છે. તો સાહિત્યક્ષેત્રે નામના ધરાવનાર ઉમાશંકર જોષી અને પન્નાલાલ પટેલ આ જિલ્લાના સપૂત હોવાનું જણાવ્યું હતું.

જિલ્લામાં થયેલા વિકાસલક્ષી કામોની વાત કરતા કલેકટર શ્રી નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષો ખુબ કપરા રહ્યા. લોકડાઉનના લાંબા કાળ બાદ આપણા જિલ્લાનું જનજીવન પુનઃ ધબકતું થયું. જિલ્લામાં સાર્વજનિક હોસ્પિટલ અને વાત્રક હોસ્પિટલને કોવિડ કેર સેન્ટર જાહેર કરવાની સાથે ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત કરતા દર્દીઓને મફતમાં ઘનિષ્ઠા સારવાર અપાઇ તેમજ સંક્રમણથી બચાવવા જિલ્લાના ૨,૯૪,૮૨૫ લોકોને RTPCR અને RAPID ANTIGEN TEST કરાયા તો કોવિડ અટકાયતી કામગીરીમાં રસીકરણ કામગીરીએ અગત્યની કામગીરી હાથ ધરી ૪,૪૪,૮૭૭ લોકોને રસીનો પ્રથમ ડોઝ જયારે ૧,૮૪,૯૬૦ લોકોને રસીનો બીજો ડોઝ હેઠળ આવરી લેવાયા છે જયારે આગામી સમયમાં રૂ.૫૫ કરોડના ખર્ચે નવરચિત અરવલ્લી જિલ્લામાં આગામી સમયમાં સિવિલ હોસ્પિટલનું નિર્માણ થતા આરોગ્ય સુખાકારીમાં વધારો થશે તેમ કલેકટરશ્રીએ ઉમેર્યુ હતું.

તેમણે નલ સે જલની વાત કરતા કહ્યુ હતુ કે જિલ્લાના ૬૭૫ ગામોમાંથી ૨૮૪ ગામોના ૨,૯૦,૭૭૮ ઘરોમાંથી ૮૯,૦૫૪ ઘરોને ઘરજોડાણ હેઠળ આવરી લેવાયા છે. જયારે નર્મદાના નીર ઘરે ઘરે પંહોચે તે માટે પાણી પુરવઠાની વિવિધ યોજનાઓ કાર્યન્વિત કરાઇ હોવાનું જણાવ્યું હતુ. તેમણે મોડાસા અને બાયડ શહેરમાં હાથ ધરનાર વિકાસકાર્યોની પણ વાત કરી હતી. તેમણે જિલ્લાના છ તાલુકાઓમાં રૂ. ૧૦૧૦.૬૫ લાખના ખર્ચે ૭૪૯ કામો હાથ ધરવામાં આવનાર હોવાનું જણાવી સ્વચ્છતા ક્ષેત્રે ૧૬૮ કરોડના ખર્ચે ૧,૪૦,૦૦૦ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું પણ જણાવ્યું હતું, જયારે રૂ. ૪૨૦ કરોડના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૯૦૧૭ આવાસ મંજુર કરી તેમણે ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરાયું છે. તેમણે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના, સખી મંડળ અને ગરીબ લાભાર્થીઓ માટે કરાયેલ કલ્યાણકારી કામોની પણ વિગત આપી હતી. શિક્ષણક્ષેત્રે નોંધનીય કામગીરી થઇ હોવાનું પણ જણાવ્યું હતું. કોરોના કાળમાં કોઇ નાગરીક ભૂખ્યા પેટે ન સુવુ પડે તે માટે ૧,૫૬,૪૭૯ પરીવારોને વિનામૂલ્યે રાશન અપાયું છે. જયારે વન નેશન વન રેશન યોજનામાં જિલ્લામાં પ્રોત્સાહક કામગીરી કરાઇ છે.

જિલ્લામાં ધોરીમાર્ગોના થયેલા વિકાસની વાત કરતા જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં રૂ.૭૦.૪૪ કરોડના ખર્ચે ૧૯ કામો નવા મંજૂર થયા છે જયારે જિલ્લામાં આઇટીઆઇ, છાત્રાલય, ટ્રાયબલ હાટ સહીતના નવિન ભવનોનું કામ અને ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓનું સુદ્ઢીકરણ હાથ ધરવામાં આવશે તેમ ઉમેર્યુ હતું. ખેતીક્ષેત્રે થયેલા કામની વાત કરતા જણાવ્યું હતું કે, જિલ્લાના ૧.૬૯ લાખ ખેડૂતોને કિસાન સન્માન નિધી હેઠળ આવરી લઇ રૂ. ૧૦૨ કરોડની સહાય પુરી પડાઇ છે તેમજ તેમને ટેકાના ભાવે ખરીદી અને સર્ટીફાઇડ બિયારણ સહીતના લાભો પુરા પાડવામાં આવ્યા હોવાનું કલેકટર શ્રીએ ઉમેર્યુ હતું. તેમણે જિલ્લામાં કુપોષણ નિવારવા હાથ ધરાયેલા વિવિધ અભિયાનોની વાત કરી હતી.

ઉજવણી પ્રસંગે તાલુકાના વિકાસ અર્થે રૂ. ૨૫ લાખનો ચેક અપર્ણ કરાયો હતો તેમજ કોરોના કાળમાં વિશિષ્ટ સેવા પ્રદાન કરનાર કોરોના વોરીયર્સ તેમજ સેવાભાવી સંસ્થાઓનું સન્માન કરાયું હતું. આ ઉપરાંત કોલેજના પ્રાંગણમાં મહાનુભવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું.

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી શ્વેતા ટેવટીયા, જિલ્લા પોલીસ વડા શ્રી સંજય ખરાત, નિવાસી અધિક કલેકટર શ્રી પ્રદિપસિંહ રાઠોડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અધિકારીશ્રી, બી.ડી.ડાવેરા,પ્રાંત અધિકારી શ્રી મંયક પટેલ,જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી શ્રીમાળી,મામલતદાર શ્રી ગઢવી તેમજ જિલ્લા અગ્રણી શ્રી રાજેન્દ્ર પટેલ, શૈલેષ ભોઇ, ભીખાજી ડામોર સહિત અન્ય અધિકારીશ્રીઓ-પદાધિકારી તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વાતંત્રદિનની પૂર્વ સંધ્યાએ માણાવદર યુવા ભાજપ દ્વારા મશાલ રેલી કાઢવામાં આવી



સ્વાતંત્રદિવસની પૂર્વ સંધ્યાએ માણાવદર યુવા ભાજપ દ્વારા એક મશાલ રેલી કાઢવામાં આવી હતી. માણાવદર ભાજપ દ્વારા કાઢવામાં આવેલી મશાલ રેલી નવી તાલુકા પંચાયતથી સિનેમા ચોક સુધી અને ત્યાંથી બહારપરા, પોલીસ સ્ટેશન ચોક અને ત્યાંથી પોસ્ટ ઓફિસ ચોકથી સુધી રેલી કાઢવામાં આવી હતી આ કાર્યક્રમમાં અનેક ને નવી જિંદગી બક્ષનાર વીર યોદ્ધાઓની માનવતા ભરી સંવેદનાઓ ધબકતી હતી .સ્વાતંત્ર્યદિવસની પૂર્વ સંધ્યાએ ગૌરવ પુર્ણ રાષ્ટ્રની અખંડતા માટે શહિદી વહોરનારા શહિદોની સ્મૃતિ કરી મશાલ રેલીની જ્યોત દ્વારા અખંડ ભારત માટે રાષ્ટ્ર ચેતનાનો સંચાર કરવા આહવાન માટે અખંડ ભારત સ્મૃતિ દિવસની ઉજવણી આજરોજ માણાવદર શહેરમાં ડી.જે. સાથે મશાલ રેલી યોજવામાં આવી હતી આ મશાલ રેલીમાં અમિતસિંહ હેરમા પ્રભારી, ધર્મેશ ધ્રાંગ શહેર યુવા ભાજપ પ્રમુખ, જયદીપ હુંબલ તાલુકા યુવા ભાજપ પ્રમુખ, મિલન ડવ તાલુકા ભાજપ મહામંત્રી, નીરજ જોષી શહેર ભાજપ મહામંત્રી, વિક્રમસિંહ ચાવડા શહેર ભાજપ મહામંત્રી, કિરણભાઈ ચૌહાણ તાલુકા ભાજપ મહામંત્રી, હુસેનભાઇ દલ, રામભાઈ કાનગડ, રવિભાઈ ચાપાણી, રવિ બાલાસરા તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને હોદ્દેદારો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા .

તસવીર એહવાલ- જીગ્નેશ પટેલ માણાવદર

## અમન વિદ્યાલય કણજરીમાં સ્વતંત્રતા દિવસની શાનદાર ઉજવણી



૧૫ મી ઓગસ્ટ ના આઝાદી ના રાષ્ટ્રીય તહેવાર ને ×અમન વિદ્યાલય કણજરી× દ્વારા ખૂબ શાનદાર અને ભવ્ય રીતે ઉજવવા માં આવ્યો હતો આ પ્રસંગે શાળા ના તમામ શિક્ષકગણ, વિદ્યાર્થીઓ એ મહેનત કરી પ્રસંગ ને અનુરૂપ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમ ને અનુરૂપ રજૂઆતો થી સમગ્ર કાર્યક્રમ ને ચારચાંદ લગાવી અભૂતપૂર્વ અને અસ્મરનીય ભવ્ય બનાવ્યો હતો એ પ્રસંગે ''લોકહિત એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ× સંસ્થા ના પ્રમુખ જ, મુસ્તાકભાઈ,ઉપ પ્રમુખ શ્રી હાજી સિકંદરમાસ્તર,સેક્રેટરી હાજી સીરાજભાઈ,ઈરફાણભાઈ, ખજાનચીઆરીફ ભાઈ, લુકમાનભાઈ, મ્યુ. કાઉન્સીલર સોહેલભાઈ,સત્તારભાઈ, ઈલયાસ(લાલાભાઈ)ભાઈ,હાજી અયુબ, સમીરભાઈ કેરોશીનવાળા, એજ્યુકેશન ડાયરેકટર ફિરોઝ ભાઈ, મુફ્તી આરીફ સાહેબ, સમીરભાઈ તારાપુરી,અયુંબ ભાઈ બોરીયાવીવાળા,ભીખુભાઇ અજરપુરા, રફીકભાઈ રઢુંવાલા અને અનવર બહાદરપુરવાલા ('બેબસ'બહાદરપુરી)વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા,આ કાર્યક્રમ માં આણંદ ના જાણીતા દાતા,બિલ્ડર, એજ્યુકેશન ના પ્રહરી અને હાલાણીએજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ના ચેરમેન શ્રી ટી.એચ.હાલાણી (રાજુભાઇ) ખાસ મુખ્ય મહેમાન રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને તેમના દ્વારા વ્યક્ત થયેલા વક્તવ્ય માં ભાઇચારા ના સંદેશ સાથે

માત્ર ને માત્ર દેશદાઝ અને દેશ ભક્તિ ની વાત પર વિશેષ ભાર આપવા માં આવ્યો હતો અને કોઈ પણ રાષ્ટ્ર ના મજબૂત નિર્માણ અને નિભાવ માટે શિક્ષણ એ પાયાની અતિ મહત્વની જરૂરિયાત હોવા નું જણાવવાની સાથે ૧૦ જેટલા ગરીબ વિદ્યાર્થીઓ ને દત્તક લઈ બે વર્ષ નો સ્કૂલ ફી ખર્ચ પોતાના તરફ થી આપવાની જાહેરાત કરી એટલુંજ નહિ શાળા ના ઓરડા ના બાંધકામ માટે પોતાના ટ્રસ્ટ તરફ થી અઢીલાખ રૂપિયા જેવી માતબર રકમ ઓન ધ સ્પોટ આપવા ની જાહેરાત કરી હાજર સહુ ને ભાવવિભોર કરી દેવા ની સાથે સામાજિક અને શૈક્ષણિક રીતે રાજુભાઈ હાલાણી સદા જાગૃત અને સજાગ હોવા ની પ્રતીતિ કરાવવા ની સાથો સાથ શિક્ષણ ના વિકાસ માટે પોતે સદા તત્પર અને ત્યયાર છે એ બાબત નો મેસેજ પણ આપ્યો હતો,

રાજુભાઈ હાલાણી દ્વારા કરવામાં આવેલી આર્થિક મદદ અને શિક્ષણ પ્રત્યે ની જાગૃતતા ને હાજર રહેલા સહુ નગરજનો,ટ્રસ્ટીઓ અને વિદ્યાર્થીઓ એ તાલીઓના ગડગડાટ થી વધાવી લીધી હતી જેને સંસ્થા ના ઉપ પ્રમુખ હાજી સિકંદર માસ્ટર સાહેબે પોતાના વક્તવ્ય માં સોનેરી શબ્દો થી બિરદાવી આભાર વ્યક્ત કરી શિક્ષણ ને સંબધો કેવા ઉપયોગી બને તેનું શુચક દ્રસ્ટાત બતાવ્યું હતું. આ પ્રર્સગે શ્રી જે.આર.મિશ્રા સાહેબ( રિટાયર્ડ જોઈન્ટ કમિશનર સેન્ટ્રલ એકસાઇઝ ડિપાર્ટ મેન્ટ) અને હાજી ઈકબાલ ભાઇ મેનેજર સ્ટેટબેંક ઓક ઈન્ડિયા એ હાજર રહી વાતાવરણ ને ખુશનુમા બનાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ ની આભારવિધિ ટ્રસ્ટ ના ખજાનચી આરીફ ભાઇ એ કરી હતી અને આધ્યાત્મિક રીતે મુફ્તી સાહેબ ની દુઆઓ સાથે કાર્યક્રમ નીપુર્ણાહુતી ની જાહેરાત કરી વિસર્જન કરવા માં આવ્યું હતું.

## બાળકોએ સ્વતંત્રતા દિવસની વૃદ્ધાશ્રમ ઉજવણી કરી "




સ્મિત ફાઉન્ડેશન દ્વારા વાત્સલ્ય વૃદ્ધાશ્રમમાં અનાથ બાળકોએ સ્વતંત્રતાના દિવસે અલગ અલગ વેશ ભજવી ઉજવણી કરી હતી. બાળકો સાથે બધા લોકોએ રાષ્ટ્ર ધ્વજને સલામી આપી, રાષ્ટ્રગાન, રાષ્ટ્રધ્વજ વંદન કાર્ય હતા. અહિયાં બાળકો સાથે વૃધ્ધ લોકો એ ડાન્સ પર્ફોમિન્સ આપ્યું હતું. બાળકોએ અલગ અલગ વેશભૂષા સાથે ભારત માતા, સંકર ભગવાન, ગાંધીબાપુ, ભગતસિંગ, મંગલ પાંડે, આર્મીમેન, ડોકટર જેવા વગેરે ડ્રેસ પહેરી ડ્રામા કર્યા હતા. સાથે ડાન્સ અને ગરબા કર્યા હતા. સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ અને વાત્સલ્ય વૃદ્ધાશ્રમના ભાવેશભાઈ પટેલ વધુમાં જણાવ્યું હતું કે બાળકોને વૃદ્ધાશ્રમમાં માતા-પિતાનો પ્રેમ મળી રહે અને વૃદ્ધ વડીલો ને પોતાના બાળકો જેવી હુંફ મળી રહે તે માટે આ કાર્યક્રમ યોજ્યો હતો. બાળકોએ અને વૃદ્ધ લોકોએ સાથે મળી ૧૫મી ઓગસ્ટની ઉજવણી કરી હતી.

### તહેવાર ટાણે કોવિડ ગાઈડ લાઈનનો ભંગથી સંક્રમણ વધવાની ભીતી

# અરવલ્લી : બે મહીના પછી કોરોના પોઝેટીવ કેસથી લોકોમાં ફફડાટ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

કોરોના મહામારીમાં બીજી લહેરમાં કોવીડ-૧૯ મહામારીનું ભયાનક સ્વરૂપ જોયા બાદ પણ મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં લોકો ભાન ભૂલ્યા હોય તેમ બિંદાસ્ત બન્યા છે મોટા ભાગના વેપારીઓ, ફેરિયાઓ અને લોકોએ માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સને તિલાંજલી આપી હોય તેમ બેદરકાર જોવા મળી રહ્યા છે ત્રીજી લહેરના ભણકારા વચ્ચે જીલ્લામાં કોરોનાએ પુનઃ પ્રવેશ કરતા કોરોના પોઝીટીવ દર્દી નોંધાતા લોકોમાં ભય ફેલાયો છે

રાજયમાં સત્તાધારી પક્ષ સરકારના ૫ વર્ષની ઉજવણીમાં મસ્ત બની હતી બીજીબાજુ કોંગ્રેસ મોંઘવારીના વિરોધમાં વ્યસ્ત હતી અને આમ આદમી પાર્ટીએ જનસંવેદનાના ઓથ હેઠળ કરેલ મેળાવડા સામે પાલીકા તંત્ર અને પોલીસે રાજકારણીઓ સામે પગલાં ભરવામાં નિષ્ફળ રહેતા લોકો અને વેપારીઓ સામે સરકારી ગાઈડલાઈનનો અમલવારી કરવામાં પાછી પાની કરી રહી હોય તેવા દ્રશ્યો અરવલ્લીમાં સામાન્ય બન્યા છ. શ્રાવણ માસના તહેવાર પહેલાં મોડાસા શહેર સહીત જીલ્લાની બજારોમાં સેલના ખેલ ચાલુ થયાં છે તેના કારણે સંક્રમણમાં વધારો થાય તેવી ભીતી વ્યક્ત થઈ રહી છે. વેપારીઓ દર વર્ષે તહેવાર ટાણે સેલનું આયોજન કરી ધંધો બમણો કરતા હોય છે વિવિધ વસ્તુઓના સેલ ચાલી રહ્યાં છે જેમાં કોવિડની ગાઈડ લાઈનનું ભરપુર ઉલંઘન થઈ રહ્યું છે. કોવિડની ગાઈડ લાઈનના ઉલંઘનના કારણે શહેરમાં ફરીથી સંક્રમણનું સંકટ ઉભું થયું છે રહ્યું છે તકેદારી ન રાખવામા આવે તો ફરીથી કોરોના વિસ્ફોટ થાય તેવી શક્યતા નકારી શકાતી નથી.

અરવલ્લી જીલ્લામાં કોરોનાએ બે મહીના વીરામ લેતા રાજકારણીઓ, વેપારીઓ અને લોકોમાં બેફિકરાઈ જોવા મળી રહી છે. બે મહિનાના લાંબા ગાળા પછી કોરોનાએ દસ્તક દેતા લોકો ફફડી ઉઠ્યા છે જીલ્લામાં ફરીથી બિલ્લી પગે સંક્રમણ વધવા પાછળ રાજકારણીઓ સાથે લોકો પણ જવાબદાર હોવાનું બહાર આવ્યું છે. રાજકારણીઓ તો પોતાની પ્રસિધ્ધિ માટે કોવિડની ગાઈડ લાઈનનો છડેચોક ભંગ કરી રહ્યાં છે પરંતુ હવે લોકો પણ કોરોના ભુલીને ગાઈડ લાઈનનો ભંગ કરતાં આગામી દિવસોમાં સ્થિતિ બગડે તેવી શક્યતા નકારી શકાતી નથી.

શ્રાવણ માસની શરૂઆત સાથે જ તહેવારો પણ શરૂ થતાં હોય તે દરમિયાન અનેક જગ્યાએ વિવિધ વસ્તુઓના સેલ શરૂ થાય છે.મોડાસા શહેર સહીત અન્ય તાલુકા મથકોએ વેપારીઓએ તેમની દુકાનોમાં તેમજ કોમર્શિયલ જગ્યાએ સેલના પાટીયા ઝુલી રહ્યાં હોવાથી ખરીદદારોની ભારે ભીડ એકઠી થઇ રહી છે સેલ સિવાય સુખદ અને દુ:ખદ પ્રસંગે પણ માનવીઓંનો મેળાવડો જામતો હોવાથી કોરોના સંક્રમણનું સંકટ તોળાઈ રહ્યું છે

## ૭૫મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં રાજભવન ખાતે યોજાયું સ્નેહ સંમેલન

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે સ્વતંત્રતા દિવસને શહિદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું પર્વ ગણાવી, સ્વાતંત્ર્યવીરોના સપનાંના રાષ્ટ્રનું નિર્માણ કરવા નાગરિકોને સંકલ્પબદ્ધ થવા જણાવ્યું હતું. રાજભવન ગાંધીનગર ખાતે ૭૫મા સ્વાતંત્ર્ય પર્વે યોજાયેલા સ્નેહમિલન - એટહોમ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કેએટહોમ કાર્યક્રમ અંગ્રેજ પરંપરાથી મુક્ત એવો શહિદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને રાષ્ટ્રના ભાવિ વિકાસનો ચિંતનપર્વ બની રહેવો જોઈએ. રાજ્યપાલશ્રીએ રામ પ્રસાદ બિસ્મિલ, શહિદ ભગતસિંહ અનેલોકમાન્ય ટિળક જેવા ક્રાંતિવીરોને યાદ કરી જણાવ્યુંહતુંકે શહિદવીરોસમાન રાષ્ટ્રપ્રેમમાં દિવાના લોકો જ રાષ્ટ્રનુંઘડતર કરી શકેછે, આવા ભારત માતાના મહાન સપૂતોને પ્રેરણા સ્ત્રોત બનાવી તેમના સપનાનાં ભારત વર્ષનું નિર્માણ કરવા તેમણે નાગરિકોને આહ્વાન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે એમ પણ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ જેવા ગુજરાતના સપૂતોએ અખંડ ભારતનું નિર્માણ કર્યું. હવે દેશની એકતા અને અખંડિતતાનું જતન કરવાની જવાબદારી સૌ નાગરિકોની છે. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વર્ષ ૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી કરવાનું સપનું ત્યારે જ સાકાર થશે, જ્યારે ખેડૂતો સુભાષ પાલેકરજી માર્ગદર્શિત પ્રાકૃતિક કૃષિ અપનાવશે. ગુજરાતમાં લગભગ બે લાખ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી આ જન આંદોલન દ્વારા સમગ્ર રાષ્ટ્રને રાહ ચીંધ્યો છે. તેમ જણાવી રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને દેશભરમાં જન આંદોલન બનાવવાના પ્રેરણા પર્વ તરીકે આ સ્વાતંત્ર્ય પર્વને ઉજવવા સૌને અનુરોધ પણ કર્યો હતો.

૭૫માં સ્વાતંત્ર્ય દિન પર્વે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં યોજાયેલાં આ સ્નેહ સંમેલનમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવી ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્નેહ સંમેલનમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ, રાજ્ય મંત્રી મંડળના સભ્યશ્રીઓ, મુખ્ય સચિવશ્રી અનિલ મુકીમ, ભારતીય સેનાના ત્રણે પાંખના વરિષ્ઠ અધિકારીઓ, વરિષ્ઠ સચિવશ્રીઓ, પદ્મશ્રી મહાનુભાવો, પ્રતિભા સંપન્ન રમતવીરો, પદાધિકારીશ્રીઓ, સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ તથા અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી જગત વર્માજીએ દેશભક્તિના ગીતો ગાઈને વાતાવરણમાં નવું જ જોમ ભરી દીધું હતું.

## સ્વાતંત્ર્ય સેનાની શ્રી લક્ષ્મણભાઇ ચૌહાણની ફરિયાદનો ત્વરિત સુખદ ઉકેલ

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી સમગ્ર દેશમાં થઈ રહી છે ત્યારે સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાઇને આપણા દેશને આઝાદી અપાવનાર સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન કરવાની પરંપરા છે. સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ નવતર અભિગમના ભાગરૂપે અમદાવાદ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા શહેરના બે સ્વાતંત્ર્ય સેનાનીઓના ઘરે જઈને સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં નરોડામા સંજયનગર વિસ્તારમાં રહેતા ૯૮ વર્ષીય શ્રી લક્ષ્મણભાઈ ચૌહાણના પરિવારમા બે દીકરા અને ત્રણ દીકરીઓ છે. તેઓએ આઝાદીની લડતમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી. ભારતને મળેલ આઝાદીમા તેમનું યોગદાન અમૂલ્ય છે.



અમદાવાદ જીલ્લા કલેકટર શ્રી સંદિપ સાગલેએ જ્યારે તેમના ઘરની મુલાકાત લઈને તેમનું સન્માન કર્યુ ત્યારે પરિવારજનોએ વાચીતમાં જણાવ્યું કે નાદુરસ્ત તબિયતના કારણે હવે તેમને સાંભળવાની ખુબ મોટી તકલીફ થઈ છે અને જો તેમને સાંભળવાનું મશીન એટલે કે હિયરિંગ એઈડ કાનમાં બેસાડવામાં આવે તો તેમની તકલીફ દૂર થઈ શકે તેમ છે.

આ વાત સાંભળીને કલેકટર શ્રી સંદિપ સાગલેએ તરત જ અસારવા સિવિલ હોસ્પિટલમા ફોન જોડ્યો અને સંલગ્ન ડોકટર સાથે વાત કરી અને તુંરત જ અહી આવીને કાર્યવાહી કરવા જણાવ્યું.

જિલ્લા કલેકટર શ્રી સંદિપ સાગલેના ફોન બાદ ગણતરીના કલાકોમાં જ સિવિલના તબીબો દ્વારા શ્રી લક્ષ્મણભાઈ ચૌહાણના ઘેર જઈને ડિજિટલ હિયરિંગ એઇડ મશીન તેમના કાનમાં ફીટ કરવામાં આવ્યું.

માત્ર એક ફોનથી જ આટલી ઝડપી સારવાર મળતા શ્રી લક્ષ્મણભાઈ અને તેમનો પરિવાર ખુબ જ ખુશ થયા અને જિલ્લા કલેકટર શ્રીનો ખુબ ખુબ આભાર વ્યકત કર્યો. આવો સંવેદનાસભર અભિગમ જ વહીવટી તંત્રની શાન છે...

-મનીષા પ્રધાન

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.